॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ

[ શ્રી૦ જૈન શ્વે૦ કૉન્ફરન્સનું માસિક-પત્ર ]

પુસ્તક ૨ — માહ

અંક ૬ — ૧૯૮૩

માનદ તંત્રી

મોહનલાલ દલીચંદ દેશાઈ

બી. એ. એલએલ. બી.

વકીલ હાઇકોર્ટ, મુંબઈ

# વિષયાનુક્રમ.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| તંત્રીની નોંધ. | ૨૪૩-૨૫૦ |
| ૧ શ્રી શત્રુંજય પ્રકરણ | |
| ૨ જૈનો અને વ્યાયામ | |
| ૩ જૈન ડૉક્ટરોની કદર. | |
| ૪ જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લિ૦ | |
| ૫ કવિશ્રી નાનાલાલ જન્મ સુવર્ણ મહોત્સવ | |
| ૬ શ્રીયુત વાડીલાલ મોતીલાલની કદર. | |
| ૭ પ્રકીર્ણ, ૮ 'સામાયિકસૂત્ર' ૯ જૈનો વિરૂદ્ધ વિષમય સાહિત્ય. | |
| સામાયિક યોગ અને તેથી થતો આત્મવિકાસ (પંડિત લાલન) | ૨૫૧ |
| શમામૃત (છાયાનાટક) | |
| રા. ભોગીલાલ અ. ઝવેરી B.A.L.L.B. | ૨૫૮ |
| ચિદાનંદજી કૃત સ્વરોદયજ્ઞાન | ૨૬૩ |
| તત્ત્વાર્થ સૂત્રનું કર્તૃત્વ. રા. હીરાલાલ ર. કાપડીઆ M. A. | ૨૬૬ |
| આનંદઘનજી કૃત પાર્શ્વ અને વીરસ્તવનો [ મુનિશ્રી કર્પૂરવિજયજી ] | ૨૬૯ |
| આગમોદય સમિતિનું કર્ત્તવ્ય-ચર્ચાપત્ર. | ૨૭૧ |
| વિવિધ નોંધ. | ૨૭૨-૨૮૦ |
| ૧ શ્રી શત્રુંજય અને વરિષ્ટ ધારાસભા, ૨ પૂના સંસ્કૃત કૉલેજ અને જૈન અભ્યાસક્રમ, ૩ શ્રી શત્રુંજય પ્રચાર કાર્ય સમિતિનો રીપોર્ટ. | |


## જૈનયુગ

—જૈનધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, ઇતિહાસ, જીવનચરિત્ર ને સમાજપ્રગતિને લગતા વિષયો ચર્ચતું ઉત્તમ જૈન માસિક.

—વિદ્વાન્ મુનિ મહારાજશ્રી તથા અન્ય લેખકોની કસાયેલી કલમથી લખાયેલા ગદ્યપદ્ય લેખો તેમાં આવશે.

—શ્રીમતી જૈન શ્વે. કૉન્ફરન્સ (પરિષદ્) સંબંધીના વર્ત્તમાન-કાર્યવાહીનો અહેવાલ સાથેસાથે અપાશે.

તો દરેક સુજ્ઞ આ પત્રના ગ્રાહક બની પોતાના મિત્રોને પણ ગ્રાહકો બનાવશે અને સંઘસેવાના પરિષદ્‌ના કાર્યમાં પુષ્ટિ આપશે.

ચાલુ વર્ષથી વાર્ષિક લવાજમ ટપાલખર્ચ સહિત માત્ર રૂ. ત્રણ

લખો-**જૈન શ્વે૦ કૉન્ફરન્સ ઑફીસ**
૨૦ પાયધુની મુંબઇ નં. ૩.

---

આ માસિક બહોળા પ્રમાણમાં ફેલાવો પામવાની ખાત્રી રાખે છે તો **જાહેરખબર આપનારાઓને** માટે તે ઉપયોગી પત્ર છે; તો તેઓને ઉપરને સરનામે લખવા કે મળવા ભલામણ છે.

# જૈન યુગ.

卐

"I recognise no limits to my aspiration for our Motherland, I want our men and women, without distinction of caste or creed, to have opportunities to grow to the full height of their stature, unhampered by cramping or unnatural restrictions. I want India to take her proper place among the great nations of the world, politically, industrially, in religion, in literature, in science and in Arts."

**—Gopal Krishna Gokhale.**

Let us strive, honestly, manfully, ceaselessly, to acquire this community of life and thought with the wide ever-moving civilised world. Let us give up nursing our provincial or sectarian pride and prejudice, and then and then only will an Indian nation be possible. Then and then only will an Indian nation be capable of rising to a sublimer height where national differences and prejudices slink away in shame and give place to a recognition of the supreme claims of the broadest humanity, the common brotherhood, of all men in a loving equal family of nation.

—JADUNATH SARKAR. 19-2-27.

પુસ્તક ૨ અંક ૬. વીરસંવત્ ૨૪૫૩ વિ. સં. ૧૯૮૩. આસો.

## તંત્રીની નોંધ.

**૧-શ્રી શત્રુંજય પ્રકરણ.**

આ સંબંધમાં શું શું ખબરો છે તે શેઠ આણંદજી કલ્યાણજીના મૌનથી જાણવામાં આવતી નથી. શું તે પેઢી નિષ્ક્રિય છે? હાથ જોડીને બેસી રહી છે? પોતે શ્રી કૉન્ફરન્સના મંડપમાં અને પોતાની ભરેલી સભામાં આપેલ વચન-કબૂલાત (undertaking) ભૂલી ગયેલ છે? તે કબૂલાત એ હતી કે વખતો વખત અમે 'બુલેટિન'-માહિતી પત્રો બહાર પાડી તે સંબંધીની ખબરો આપતા રહીશું. પ્રજાને વિશ્વાસમાં લીધા વગર કદિપણ સફલતા મળનારી નથી. એ સફલતાને માટે પણ હાલના જમાનામાં પ્રજાને માહિતગાર રાખવી જોઇએ. પ્રજા 'યાત્રાત્યાગ' ના કદમ પર ઝૂકી રહી છે. 'યાત્રા ત્યાગ કરો' એ બ્યુગલો ફુંકવાની જરૂર છે અને પ્રજા તે ભેરી નાદને માન આપતી આવી છે ને આપશે. અમે પણ પોકારી પોકારીને કહીએ છીએ કે **જ્યાં સુધી માનપ્રદ સમાધાન ન થાય ત્યાં સુધી દરેક જૈન પુરૂષ, સ્ત્રી તેમજ બાળકે શ્રી શત્રુંજયની યાત્રા ન કરવી. ધર્મને ખાતર, આપણી ટેક ને પ્રતિષ્ઠાની ખાતર, સંઘની આજ્ઞાને માન આપવાની ખાતર એ યાત્રાનો ત્યાગ દરેકે કરવાની ફરજ છે-કર્ત્તવ્ય કર્મ છે-આપદ્ધર્મ છે.**

આ સાથે હમણાં એક જૈન ભાઈ શ્રી શત્રુંજયની વષ્ટીની વાત કરવા આવ્યા. પોતાની પાલીતાણાની મુલાકાતની વાત કરી. શત્રુંજય પોતે જઈ આવ્યા ને પાલીતાણાનું વાતાવરણ ઘણું સારૂં છે ને સમાધાન કરવું આવશ્યક છે એમ ઘણી વાતો કરી. પહેલાં તો અમે સંઘની આજ્ઞા વિરૂદ્ધ યાત્રા કરી આવ્યા તે બદલ તેમને સખત ઠપકો આપ્યો, પછી સમાધાન પર અમે જણાવ્યું કે તે માટે સર્વેની ઇચ્છા હોય તે સ્વાભાવિક છે; અમારા વિચાર શ્રી દક્ષિણ મહારાષ્ટ્ર જૈન શ્વે૦ પ્રાંતિક પરિષદ્‌ના છેલ્લા અધિવેશનમાં પ્રમુખ તરીકે નીચે પ્રમાણે જણાવ્યા છેઃ—

'અરસ્પરસ સમજી લેવું એમાં જે શાંતિ અને આનંદ રહે છે તે ઝઘડા કરવાથી નથી રહેતાં. આમ પાલિતાણા રાજ્ય અને આ૦ ક૦ પેઢી પરસ્પર સમજૂતીથી નિકાલ કરી નાંખે તેના જેવું એકે નથી; પણ તેમ કરવા માટે બંને પક્ષની હૃદયપૂર્વક ઈચ્છા અને સહકારિતા જોઇએ. એક પક્ષ અસવાર બને અને પોતાનું મમત્વ ન છોડે તો બીજા પક્ષથી સમાધાન ન થઈ શકે. વળી જે સમાધાન થાય તે સ્વમાન અને પ્રતિષ્ઠાને જાળવીને યથાસ્થિત ન્યાયપુરઃસર થાય તોજ આખી સમાજને સંતોષ થાય.

'અરસ્પરસ સમજુતી ન થઇ શકે, તો બંને પક્ષના વિશ્વાસપાત્ર તટસ્થ અને નિષ્પક્ષપાતી લવાદદ્વારા ફેંસલો લાવી શકાય; પણ તે માટે પણ ઉપર જણાવી તેવી બંને પક્ષોની મનોદશા જોઇએ.

'પાલિતાણાના રાજ્યકર્તા હિંદુ રજપૂત છે તેણે પોતાના પ્રભુનાં દર્શન કરવા યાત્રાએ આવનાર પ્રત્યે સંપૂર્ણ સદ્‌ભાવ અને પ્રેમ દાખવવા ઘટે. અસંખ્ય યાત્રાળુના આગમનથી પોતાના રાજ્યને બીજી અનેકરીતે થતા લાભથી સંતોષ માનવો ઘટે. આવી સંસ્કારી આર્ય ભાવના તેના હૃદયમાં જાગે તો ઝટ નીકાલ થઇ શકે.

આજ રીતે આ. ક. ના વહીવટદાર પ્રતિનિધિઓ એક બીજા સાથે મસલત કરી એકસંમત થાય, અને પોતાની સાથેના સાત આગેવાનોની કમિટીની સલાહ અને સહાય લે તે પ્રથમ થવું જોઈએ. તેવી સ્થિતિ અમે પૂછીએ છીએ કે છે? લોકો આ સવાલ આ. ક. ની પેઢીને પૂછે છે તો તેનો જવાબ તેમની પાસે શું છે તે તેઓ જણાવશે? બાકી મોટે ભાગે કેટલાક લોક અને અમારી પાસે ઉપર જણાવેલા આવેલા ગૃહસ્થ એમ પૂછે છે કે 'તમે કંઇ કરતા નથી?'–આના જવાબમાં અમારે મુક્ત કંઠે જણાવવું પડે છે કે અમારી પાસે કંઇ પણ કરવાની શક્તિ કે સત્તા નથી. બધી શક્તિને સત્તા આ. ક. ની પેઢીએ લઇ લીધી છે. તેઓ કુલ મુખત્યાર છે. તેઓને સલાહ અને સહાય આપવા ખાતર સાત આગેવાનોની કમિટી નીમવામાં આવી હતી. તે કમિટીની સલાહ અને સહાય કેમ લેવાય છે તેની જાણ પ્રજાને કદિપણ કરવામાં આવી નથી–આવતી નથી, ને કરવામાં આવશે કે નહિ તે સવાલ છે. without prejudice ચર્ચા બની શકે એમ ન થાય?–આવા સવાલો પૂછાય છે તેના જવાબ પણ યથાસ્થિત શ્રી આ. ક. ની પેઢીજ આપી શકે. અત્યાર સુધીમાં આ મહત્ત્વના પ્રકરણ સંબંધી શું શું થયું છે અને શું પરિણામ આવ્યું છે તેના પાકા ખબર પણ તે પેઢીજ આપી શકવાની સ્થિતિમાં છે. આમાં પ્રમાદ જેટલો થાય છે તે લોકમાં નિરાશા અને અવિશ્વાસ ઉત્પન્ન કરનારજ નિવડે છે.

શત્રુંજય પ્રચાર સમિતિ પોતાનું કાર્ય કરી રહી છે. તેના રીપોર્ટ જાહેર પત્રોદ્વારા બહાર પડયે જાય છે. તેના ફંડની હકીકત પણ જણાવવામાં આવે છે છતાં કોઈ તેના સંબંધમાં આંખ મીંચીને ગમે તે યદ્વાતદ્વા બોલે તેની સામું કોઇ સમજુ જોતું નથી. આંખ વગરનો તે અંધ કહેવાય પણ જે આંખ છતાં જુએ નહિ તેને કઇ કોટિમાં ગણવો?

શ્રીયુત સારાભાઇ નેમચંદ હાજી વડી ધારાસભામાં એક સભ્ય ચુંટાયા છે તે માટે અમો તેમને ધન્યવાદ આપીએ છીએ. તેમણે શત્રુંજયના સંબંધમાં કમિશન નીમવાના અંગે એક સવાલ વડી ધારાસભામાં રજુ કરવાની અગાઉથી નોટીસ આપી હતી, પણ તે દેશી રાજ્યના સાથે સંબંધ ધરાવતો હોવાનું કારણ આપી તે સભાના પ્રમુખ સાહેબે કાનુન બહાર જાહેર કર્યો તેથી તે સંબંધમાં ધારાસભા કે વડી ધારાસભા કંઇ કરી શકે તેમ નથી એમ જણાયું છે. આ સવાલના સંબંધે પૂરી હકીકત આપવા શત્રુંજય સંબંધીનું સાહિત્ય શ્રી કૉન્ફરન્સ ઓફિસે વડી ધારા-

સભાના લગભગ બધા સભ્યોને પૂરૂં પાડવામાં આવ્યું હતું અને ઘણા સભ્યોએ પોતાની સહાનુભૂતિ જાહેર કરી હતી જેનો કંઈક ખ્યાલ વિવિધનોંધમાં તેમના પત્રોમાંના ભાગ મૂકયા છે તે પરથી જણાશે કે આ બધી સહાનુભૂતિનો લાભ આપણે લેવાની જરૂર છે. પણ કઇ રીતે લઈ શકાય એ ખાસ વિચારવાનું રહે છે.

અમને જે કંઈ ખબર પડી છે તે એટલી કે ૩૦ મી માર્ચ ૧૯૨૬ ને રોજ વાઇસરોય સાહેબે જે સમસ્ત સંઘની જબરી અરજી ગઈ હતી તેનો જવાબ આપ્યો હતો તેના સામે-તેમાંની હકીકતોના રદીયા રૂપે એક મેમોરીયલ આ. ક. ની પેઢીએ મોકલ્યું છે. મી. વૉટ્સનના ચુકાદા સામેની અપીલ હજુ સુધી નોંધવામાં આવી નથી, પણ તેનો ડ્રાફ્ટ થઈ ગયો છે ને થોડા વખતમાં મોકલવામાં આવશે.

આપણી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના ઠરાવ પ્રમાણે કૉન્ફરન્સ ઓફિસ તરફથી વાઈસરોયને શ્રી શત્રુંજય તીર્થના હકો સંબંધીનું પ્રતિનિધિત્વવાળું કમિશન નીમવા માટેની અરજીનો ડ્રાફ્ટ અંગ્રેજીમાં ઘણી મહેનત લઇને કરવામાં આવ્યો હતો ને તે મોકલાય તે પહેલાં તેમાં ખૂટતી હકીકતો તથા તે અરજી સંબંધી અભિપ્રાય શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી માંગવામાં આવતાં તેના જવાબમાં છેક હમણાં કૉન્ફરન્સ ઓફિસને તે પેઢીએ ખબર આપી છે કે આગેવાની કમિટીની સભાએ ઠરાવ્યું છે કે હવે કમિશન માટેની અરજી મોકલવાની જરૂર નથી.

બીજું પ્રજાને ખાસ ભલામણ કરવાની અમને એ જરૂર રહે છે કે કેટલાક ભાઈ પોતાને અમુક સ્વપ્નું આવ્યું ને દાદાસાહેબ અમુક કહી ગયા કે અમુક દેવે આમ 'સોણા'માં આવી કીધું એમ બહાર પાડવા મંડી ગયા છે તો એ બધાથી ભોળવાવાનું નથી. પ્રજાએ તો પોતાનો યાત્રાત્યાગનો નિશ્ચય કાયમ રાખીનેજ વર્ત્તવાનું છે. અને ઘેર બેઠાંજ શ્રી શત્રુંજયની-અરિહંતની ભાવપૂજા-ભાવવંદના ચાલુ રાખવાની છે. જય શ્રી શત્રુંજય !

## ૨. જૈનો અને વ્યાયામ.

ગૂજરાતના જૈનોની શારીરિક સ્થિતિ દિવસે દિવસે ખરાબ થતી જાય છે, તેનું કારણ વ્યાયામ કરવાનું ભુલી જવાયું છે. એટલુંજ નહિ, પણ શરીરને કસનારા ધંધાઓ પણ પુરૂષોએ મૂકી દીધા છે અને સ્ત્રીઓએ દળવા ખાંડવા રાંધવા વગેરેનું ગૃહોપયોગી તેમજ શરીરને તંદુરસ્ત રાખનારૂં કાર્ય છોડી દીધું છે. આ છોડી દેવામાં શ્રીમંતાઇ, વિલાસ યા હિંસાના ખ્યાલ નિમિતભૂત બન્યા હોય. વળી અખાડાઓ પહેલાં દરેક શહેરમાં યા ગામમાં રહેતા તે, તથા દેશી રમતો, હોળીનાં યુદ્ધો, વગેરે અદશ્ય થતાં શરીરમાં મંદતા, નિવીર્યતા, ભીરૂતા, જડતા પેઠી, અને મરણની સંખ્યામાં વધારો થતો ગયો. આ વસ્તીનો ઘટાડો એમને એમ કાયમ રહેશે તો થોડી વીસીઓમાં શું પરિણામ આવશે એ કલ્પી શકાય તેવું છે.

હમણાં ગત વસંતપંચમીને દિવસે સાક્ષર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના પ્રમુખસ્થાને મુંબઇ-જૈન સ્વયંસેવક તરફથી વ્યાયામશાળા ખોલાયેલી તે વખતે ઉકત પ્રમુખ સાહેબે યથાર્થ જણાવ્યું છે કેઃ-

"શ્રાવકો તો વીરપુત્રો છે, તેમને વ્યાયામની જરૂર જણાવવાની હોય જ નહિ. અગાઉ વ્યાયામ શાળાઓ હતી, પણ અંગ્રેજી કેળવણીના પ્રચાર પછી તે શાળાઓ નીકળી ગઈ અને ક્રિકેટ વગેરેની કલબો ઉભી થઈ. મારા વતનમાં શેરીએ શેરીએ અને પોળે પોળ અખાડા હતા, ત્યાં અમે કુસ્તી, મલખમ, દંડ વગેરે કસરત કરતા હતા, તે કસરતને અંગે કોઇ રીતે ખર્ચ થતો ન હતો. આવી તદ્દન બીનખર્ચાળ કસરત ગઇ. અસલથી વીરપુત્રો તલવાર બાંધતા આવ્યા છે, અને રણક્ષેત્રની તૈયારી માટે આવ્યાયામશાળા એક પગથીઉં છે. આવી શાળાને દરેક રીતે સ્ત્રી પુરૂષોએ ઉત્તેજન આપવાની જરૂર છે અને આશા છે કે પુરૂષો કરતાં બાળકોની માતાઓ પોતાનાં બાળકોને આ કસરત શાળામાં મોકલીને જરૂર ઉત્તેજન આપશે. હવે વીરપુત્રો જાગ્રત થઇને અંગબળ અને કસરતની આવશ્યકતા સમજ્યા છે તે માટે ધન્યવાદ ઘટે છે."

અમોએ આ પ્રસંગે જણાવ્યું હતું કેઃ વ્યાયામશાળા —અખાડા દરેક જૈન શિક્ષણની સંસ્થા સાથે જોડાવા જોઇએ. જે વિદ્યાર્થીની શરીર સ્થિતિ સારી ન હોય ને જેણે અખાડાની તાલીમ લીધી ન હોય યા જે લેતો ન

હોય તેને અન્યશિક્ષણ આપવાથી પૂરો લાભ નથી. માબાપોએ પોતાનાં બાલકો કસરત કરવાથી રખેને હાડકાં ભાંગશે એ ખ્યાલ દૂર કરી તેમને કસરત આપવી—અપાવવી જોઇએ. શરીર એ ધર્મસાધન છે. શરીર એ મુખ્ય સંપત્તિ છે—તેથી બીજી બધી સંપત્તિઓ પ્રાપ્ત થઇ શકે તેમ છે. તો આવી શાળાઓ દરેક સ્વયંસેવક મંડળ દરેક શહેરમાં-ગામમાં સ્થાપશે અને એથી તંદુરસ્ત સેવાભાવી નિડર અને અન્યના રક્ષણ માટે તત્પર યુવકો ઉત્પન્ન કરશે તો સમાજ કંઈ ઓર સૌંદર્ય ધારણ કરશે.

મુંબઈના શ્રી મહાવીર જૈન વિદ્યાલય શેઠ ગોકળદાસ મૂળચંદ જૈન હોસ્ટેલ, શેઠ હીરાચંદ ગુમાનજી જૈન બોર્ડિંગ, પુનાનું ભારત જૈન વિદ્યાલય, તેમજ આપણી જૈન હોસ્ટેલો કે બોર્ડિંગો, અખાડા સ્થાપી વિદ્યાર્થીઓને તે દ્વારા તાલીમ આપવાની ગોઠવણ કરશે એમ અમે ઇચ્છીશું. રા. પાદરાકર 'અંગબળ અને કસરત' નામનું પત્ર વડોદરાથી કાઢી કસરતના લાભો સમાજને ઠીક સમજાવી રહ્યા છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. તે ભાઇની અનેક સેવાઓ ચિરસ્થાયી નથી થઈ તે રીતે આ સંબંધમાં ન બનતાં કસરત સંબંધીના વિચારોનો પ્રચાર સમાજમાં ચિરસ્થાયીપણે કર્યા કરશે એમ અમારી તેમને ભલામણ છે.

### ૩. જૈન ડૉકટરોની કદર.

ડૉકટર ત્રિભોવનદાસ ઓધડભાઈ શાહ એફ. આર. સી. એસ. ને માનપત્ર આપવાનો મેળાવડો મુંબઈની જૈન એસોસિયેશન ઓફ ઇંડિયાઅને મુંબઈ માંગરોળ જૈન સભાના આશ્રય નીચે મુંબઈ ઇલાકાના કેળવણીના પ્રધાન દી. બ. હરિલાલ દેસાઇભાઈ દેસાઇના પ્રમુખપણા નીચે તા. ૧૩ મી ફેબ્રુઆરી ૨૭ ને દિને કરવામાં આવ્યો હતો. ડોકટર શાહ એ શસ્ત્રક્રિયામાં અતિ નિપુણ તબીબ છે, વળી વઢવાણના ગરીબ કુટુંબમાંથી આટલી તાલીમ પામેલા આ ડૉકટર ગરીબો પ્રત્યે પ્રેમ ધરાવે છે એ ખરેખર જૈન સમાજને ગૌરવનું કારણ છે. ઓછામાં ઓછા પંદર જૈન સાધુ સાધ્વીઓના પર શસ્ત્રક્રિયા સેવાભાવે કરી તેમને રોગથી સફલરીતે મુક્તતા આપી શાતા ઉપજાવી, એ આ માનપત્રનું અનંતર કારણ છે. ખાસ કરી મુંબઇમાં મુનિશ્રી ન્યાયવિજયજી પર ખાસ કરી 'એપેન્ડિસાઈટીસ' માટેનું શસ્ત્રકાર્ય મુંબઈના બીજા જૈન ડૉકટરો ડા૦ મોદી, સરાફ આદિ અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયના તબીબી વિદ્યા લેતા વિદ્યાર્થીઓના સહકારથી ડૉ૦ શાહે જે સફલતાથી કર્યું તે માટે તેમને તેમની નિપુણતા સારૂ અવશ્ય ધન્યવાદ ઘટે છે.

ઉચ્ચ શિક્ષણમાં મદદ કરવાથી કેવા તાલીમવંતા શાસ્ત્રનિપુણ નરો મેળવી તેનાથી લાભ ઉઠાવી શકાય છે તેનું આ જ્વલંત દૃષ્ટાંત છે. બીજું શસ્ત્રક્રિયા એ આવશ્યક અને ઉપયોગી ચીજ છે, એ આ ચાલુ જમાનામાં નિર્વિવાદપણે સ્વીકારવાનું છે. તે સામેના વિરોધીઓ વ્યાજબી રીતે હોઈ ન શકે એમ અમારૂં માનવું છે. મહાત્મા ગાંધીજી જેવાને ઉપરનું 'એપેન્ડીસાઈટીસ' જેવું દરદ થતાં તેમના પર તાત્કાલિક શસ્ત્રકાર્ય થવું જોઈએ એવું કર્નલ મેડોક નામના ડાકટરનું કહેવું થતાં જ તેને કુદરત પાસેથી દરદના ઇલાજ લેનારા-શોધનારા મહાત્માજી પણ શરણ થયા-શસ્ત્રકાર્ય સફલ થયું અને સુભાગ્યે દેશખાતર બચ્યા, એ પણ દૃષ્ટાંત આ વખતે અમારી સમક્ષ ખડું થાય છે.

તબીબો જીવનદાતા, પોલીસ રક્ષણદાતા અને સાધુમુનિઓ જ્ઞાનદાતા છે પરંતુ તેઓ તેમ મટી જઇ જીવનદાતા જીવલેણ, રક્ષણદાતા ભક્ષક અને જ્ઞાનદાતા અજ્ઞાનદાતા બને તો સમાજની શી દશા થાય? આ મેળાવડાને આગલે દિવસેજ 'સૌરાષ્ટ્ર' 'જીવનદાતા!' એ નામનો સુંદર અગ્રલેખ બહાર પાડયો હતો તે આ મેળાવડામાંના જે વક્તાઓએ ભાષણ કર્યાં તેમાંના કોઈએ પણ લક્ષમાં લીધો લાગતો નથી. અમે તે આખો દરેક ડાકટરને વાંચી મનન કરવા ભલામણ કરીએ છીએ. અત્ર સ્થાનને અભાવે તે આખો ન આપતાં તેનો છેલ્લો ભાગજ ઉતારીએ છીએ:—

"દાક્તર બંધુઓ પોતાની છાતી ઉપર હાથ રાખીને બોલશે? અધર્મ આચરવો છોડે તો શું તેઓનું ઉદરપોષણ અટકી પડે છે? તેઓની થાળીમાં દાળ ભાત રોટલી, અંગ પર સુંદર વસ્ત્રો અને રહેવાનું સુખાવહ મકાન: એટલા

ખાતર શું તેઓને માનવતા વેચવી પડે છે? ના. તેઓની સંખ્યાની ઓછપને કારણે જ આપણને તેઓની જરૂર જ રહી છે. તેઓને રઝળવાનું રહ્યું નથી. મી. સ્વેઈને પોલીસોને પ્રબોધ્યો હતો તેવો કશો ભોગ દાક્તર બંધુઓને આપવો પડવાનો નથી. તેઓની સજ્જનતા સામે તો દર્દી પ્રાણ પાથરતો આવશે. તેઓની નિસ્પૃહા ઉપર તો પ્રજા અવાચી પડશે. તેઓના કરૂણામય સ્મિત ઉપર લોકો હોંશે હોંશે લક્ષ્મી વરસાવશે. અમીરોની પાસેથી એ દ્રવ્ય લઇ શકશે—અને ગરીબોમાં એ વિના મૂલ્યે સેવા અર્પી શકશે. આજે કોઇ કોઈ દાક્તરોને આપણે પ્રભુના ફિરસ્તા જેવા વિહરતા, સુખી જીવન ગુજારતા અને ઠેર ઠેર સંજીવની છાંટતા જોઇએ છીએ. ધન એને ચરણે વણમાગ્યું લોટે છે. અને **એની ઔષધિ કરતાં વધુ રામબાણ તો એની નિઃસ્વાર્થ વૃત્તિ નીવડે** છે. એની નિદ્રામાં કે જાગૃતિમાં, નિવૃત્તિમાં કે પ્રવૃત્તિમાં, ખાવામાં કે પીવામાં, ગમે તે વખતે ને ગમે તે સ્થાને, એનાં દ્વાર ખુલ્લાં રહે છે. અને રોગીની શાંતિમાં જ એને પરમ શાતા સાંપડે છે. બધા દાક્તરો એવા શીદને ન થાય? કેટલી સ્હેજે સેવા કરી છૂટવાનો સુયોગ એનો વ્યવસાયજ એને આપે છે! કેટલી માતાઓ એને પોતાનો પુત્ર અથવા પિતા માની **પોતાની લજ્જા એના હાથમાં સોંપે છે!** કેટલાં બાળકો એને ઈસારે હસે છે? કેટલાં આઝારો એની દુવા ગાય છે! આવી પ્રાપ્તિ સામે પૈસો તો પામર ચીજ છે. **દાક્તર બંધુ, જોખી જોજે! તું સ્વર્ગનો દેવ છે. અશ્વિનીકુમારોનો દૂત છે. ધન્વંતરિનો વારસદાર છે. તારો આદર્શ અતિ પુનિત છે. તારો વ્યવસાય તો પ્રભુપૂજાનું જ ઉત્કૃષ્ટ સ્વરૂપ છે. તારી મતિના પલટા પર કેટલાઓનાં જીવન-મૃત્યુ રમે છે!"**

ડૉકટર શાહે ઉત્તર બહુ સુંદર શબ્દોમાં વાળ્યો હતો અને પોતે ગરીબ કુટુંબમાંથી આવેલ તે ગરીબ પ્રત્યે પોતે બને તેટલી સેવા કરશે એવું વચન આપવા સાથે જૈન સમાજને એક હૉસ્પિટલ યા એક 'વૉર્ડ' પોતાની કોમના દરદીઓ માટે ઉઘાડવા સલાહ આપી હતી. જૈનોએ ડા. શાહને માનપત્ર ચાંદીની પેટીમાં મૂકીને આપે એ તેમની ખરી કદર નથી, પણ તેમણે મુંબઈમાં પ્રેકટીસ કરવા આવ્યા તે સમયમાંજ શ્રી મહાવીર જૈન હોસ્પિટલ ઉઘાડવા માટેની યોજના જૈન સમાજ અને તેના શ્રીમંતો પાસે રજુ કરી દીધી હતી. પણ તેના તરફ દુર્ભાગ્યે લક્ષજ ન અપાયું. સેવા અર્પવા તૈયાર થનારની સેવાનો લાભ લેવા જે સમાજ તૈયાર ન હોય તે માત્ર માનપાત્ર આપીને સંતોષ પકડે તે ખરી અને પૂરી કદર નથી જ કરતી. હજુ પણ સમાજ ચેતી ઉકત યોજનાને પાર પાડે, યાતો 'વૉર્ડ' કાઢવા જેટલી તૈયારી બતાવે, તો આ માનપત્ર ખરૂં માનપત્ર આપ્યું છે એમ ગણાય.

ડા. નાનચંદ કસ્તૂરચંદ મોદી મુંબઈમાં દરેક સમાજ ઉપયોગી કાર્યમાં ભાગ લે છે, તેમણે મુંબઈમાં ઈન્ફ્લુએન્ઝા ફાટી નીકળ્યો ત્યારે જૈન ફ્રી હોસ્પિટલમાં જે કાર્ય કર્યું હતું તે અતિ પ્રશંસનીય અને ઉદાત્ત સેવાભાવી હતું. તે કાર્યની કદર કરવા સમાજ નિષ્ફલ નીવડી છે એ અમારા મનમાં તાજું થાય છે. તે વખતની જૈનેતર પ્રસિદ્ધ ડાકટર દલાલની સેવા પણ દુર્લક્ષ કરી શકાય તેમ નહોતી. ડા. મોદી અને બીજા ડૉકટરોને letters of thanks (ઉપકારના પત્રો, વહેંચવાનું છેલી ઘડીએ આપસ આપસમાં નકી કરી આ મેળાવડામાં રાખ્યું હતું. એટલી એમની કદર થઈ તે ગણીમત.

દરેક ડાકટર, ઉપર મૂકેલા 'સૌરાષ્ટ્ર'ના લેખમાંથી સર્વ મનન કરી પોતે ખરા જીવનદાતા ગણાશે; અને આયુર્વેદ તથા યુનાની દવાઓનો સાથે સાથે અભ્યાસ કરી તેના ઉપયોગી અંશોનો લાભ આપશે, તો દેશનું વિલાયતી દવાઓથી હરાઈ જતું ધન ઘણું બચાવી તે રીતે દેશનો આર્થિક ઉદ્ધાર કરશે અને પરદેશી મિશનરી ડૉકટરો જે રીતે સેવા બજાવે છે તે રીતે સેવા બજાવવા બહાર પડશે અને શ્રીમંતો તેમને તેવા કાર્યમાં સહાયક થશે એવું અમે ઇચ્છીશું.

## ૪ જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લિ૦

આ મંડળ સ્થાપવા અને વ્યવસ્થિત કરવા માટે જૈન ગ્રેજ્યુએટ શ્રીયુત સારાભાઈ મગનભાઈ મોદીની જહેમત પ્રશંસનીય છે. પાંચ લાખ સુધીની થાપણ રાખી છે ને ૨૫ રૂ. નો એક શેર એમ તેને વહેંચી નાંખી છે. (૧) આખા મુંબઈ ઈલાકાના જૈન (શ્વે૦ મૂર્તિપૂજક) વિદ્યાર્થીઓને હિંદમાં યા પરદેશમાં માધ્યમિક, ઉચ્ચ, કળાવિષયક, વ્યાપારિક ઔદ્યોગિક ધાર્મિક વગેરે કેળવણી લેવા માટે આર્થિક મદદ

આપવી (૨) ધંધા શીખવામાં અને ધંધાની તાલીમ લેવાના સમયમાં યુવકોને આર્થિક મદદ આપવી, (૩) હિંદમાં વા પરદેશમાં ધંધો રોજગાર યા નોકરી શોધવાના વખતમાં યુવકોને ધન સલાહ અથવા આશ્રયસ્થાન આપી મદદ કરવી (૪) આ ત્રણે ઉદ્દેશ માટે લીધેલી રકમ પાછી ભરપાઈ કરવામાં મદદ કરવી. (૫) કેળવણીની સંસ્થાઓને અને ધંધો રોજગાર વા નોકરીનાં ક્ષેત્રો વિષે માહિતી એકત્ર કરી યુવકોને પૂરી પાડવી, (૬) કેળવણીની સંસ્થાઓ, બોર્ડિંગ હાઉસો, સ્કોલરશિપો વગેરે સ્થાપવી. (૭) મંડળના સભાસદના વીમા ઉતારવા પુરતી સદ્ધર વીમા કંપનીઓની એજંસી લેવી. આ પ્રમાણે ઉદ્દેશો છે. આની પહેલી જનરલ સભા ૨૦-૨-૨૭ને રોજ મળી તેમાં વ્યવસ્થાપક કમિટી ૧૫ ગૃહસ્થોની નીમાઇ છે. મંડળના પ્રેસીડંટ શેઠ માણેકલાલ જેઠાભાઈ અને મંત્રી તરીકે ઉક્ત શ્રીયુત સારાભાઈ મોદી નીમાયા છે. વ્યવસ્થાપક કમિટીના સભ્યોમાં શ્રીમંત, ભણેલા, અને લાગવગવાળા એમ ત્રણેનું તત્ત્વ છે. ચરોતર એજ્યુકેશન સોસાયટીનું આવું મંડળ ઘણું સુંદર પરિણામ આપનારૂં નીવડયું છે તેજ પ્રમાણે શેરહોલ્ડરો વ્યાજ મેળવવા ઉપરાંત ઉચ્ચ શિક્ષણ અને ધંધાની તાલીમ પોતાની કોમનાને આપી શકાશે એથી અર્થ સાથે ધર્મનો લાભ પણ હાંસિલ કરશે.

એક જૈન શ્રીમંત આગેવાન સાથે આ સંબંધી વાતચીત થતાં તેમણે જણાવ્યું કે આ બહુ ઉપયોગી યોજના છે, પણ સાથે સાથે આવી યોજના જે ન ભણેલા હોય, અને ગરીબ હોઈ નાણાંને અભાવે ધંધો કરવાની ઇચ્છા થતાં ધંધો ન કરી શકતા હોય એવા જૈનો માટે આવી યોજના થવી ઘટે. કેટલાક ભાઇઓ બસો ત્રણસોનો માલ ઉછીતો મળે તો તે ફેરી કરી પોતાનું 'પેટીઉં' કાઢી શકે તેમ હોય છે. આવા ભાઇઓને કોઇ ધીરતું નથી તો તેવાને માટે પણ આવું મંડળ ઉભું થવાની જરૂર છે. અમો આ વિચારથી પ્રસન્ન થયા અને તેવું મંડળ તેઓ એક વેપારી હોઇ બીજા જૈન વેપારીઓનો સહકાર લઇ જરૂર કાઢી અનેકના આશીર્વાદ લઇ શકે એમ જણાવ્યું. અમે ઇચ્છીશું કે આવું મંડળ પણ સ્થાપવા આપણા જૈન વેપારીઓ કટિબદ્ધ થાય.

**૫ કવિશ્રી નાનાલાલ જન્મ સુવર્ણ મહોત્સવ-**

કવિ શ્રી નાનાલાલ દલપતરામ કવિ જૈન સમાજમાં પ્રસિદ્ધ છે અને આખી ગૂજરાતી આલમમાં તેમણે ઉત્તમોત્તમ કવિ તરીકે સુપ્રતિષ્ઠા મેળવી છે. ગૂજરાતના તે 'રવીન્દ્ર ટાગોર' છે એવો મત અમે જાહેરમાં ઘણા વખત પહેલાં પ્રકટ કર્યો હતો. એમણે જૈન સંબંધી ઉદાત્ત વિચારો અનેક સ્થળે જેવા કે વણથલીમાં શેઠ દેવકરણ મૂલજીએ કરેલ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે, શ્રીલાલજીના ચરિત્રની પ્રસ્તાવનામાં, સૂરતમાં જૈન સાહિત્ય પરિષદ્‌ના પ્રમુખ સ્થાનેથી, હમણાં ગત જાન્યુઆરીમાં ભરાયેલ સ્થાનકવાસી જૈન પરિષદ્ વખતે, વગેરે સ્થળે પ્રદર્શિત કર્યાં છે. એમનાં કાવ્યોમાં સાત્વિકતા-તપોમયતા અને સાથે રસિકતા ભરી છે. ગૂજરાત વાંગ્મયના સૃજનકર્તામાં તેમનું ઉંચું સ્થાન છે. તેઓ પચાશ વર્ષ આવતા ચૈત્ર માસમાં પૂરાં કરી 'વન'માં પ્રવેશ કરનાર છે; તેથી તેમની અનેકવિધ સેવાની કદર કરવા માટે તેમનો જન્મ સુવર્ણ મહોત્સવ ઉજવવો યોગ્ય છે એવો વિચાર પ્રકટ થતાં તેમના પ્રશંસકો વગેરેની એક સભા નીમાઇ 'કવિશ્રી નાનાલાલ જન્મ સુવર્ણ મહોત્સવ ફંડ' એકત્રિત કરવા એક મોભાદાર માણસોની કમિટી સાક્ષર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના પ્રમુખપણા નીચે નીમાઈ છે. તેના મંત્રીઓ પૈકી એક સાક્ષર શ્રી અંબાલાલ બુલાખીરામ જાની બી. એ. (ગુજરાતી ઑફિસ-ફૉર્બસ સ્ટ્રીટ બેકહાઉસ લેઇન, કોટ મુંબઇ) છે તેમના તરફ સાહિત્ય પ્રેમી સર્વ જૈનો પોતાથી બને તેટલો ફાળો મોકલી આપશે એવી અમારી તેમને ભલામણ છે.

**૬ શ્રીયુત વાડીલાલ મોતીલાલની કદર—**

જૈન હિતેચ્છુ, જૈન સમાચાર પત્રોના સંપાદક અને 'નગ્ન સત્ય' 'સમયના પ્રવાહમાં' એ મથાળા નીચે સ્વતંત્ર વિચારો સમાજને આપનાર, 'અમૃતલાલ શેઠનું અડવાડીઉં'-પોલિટિકલ ગીતા (અંગ્રેજીમાં)-મસ્તવિલાસ આદિ અનેક ગ્રંથના લખનાર શ્રીયુત વાડીલાલ જૈન સમાજમાં પ્રસિદ્ધ છે એટલુંજ નહિ

પણ તે સમર્થ લેખક અને વિચારક તરીકે અન્ય સમાજમાં પણ અત્રતત્ર ખ્યાતિ પામેલા છે. મૂળ કઠોરના રહીશ અને રંગુનમાં વેપાર કરતા રા. ગલીઆરા નામના જૈન ગૃહસ્થે રૂ. ૧૦૦૦) એક હજાર તેમના 'નગ્ન સત્યાદિ' લેખોની કદર તરીકે રોકડા આપવા ગૂજરાત સાહિત્ય પારષદ્ દ્વારા મોકલ્યા છે અને બીજા આઠ લેખકોને પાંચસો પાંચસો તેમના અમુક લેખોની કદર માટે એમ કુલ રૂ. ૫૦૦૦) મોકલ્યા છે. બીજા લેખકો કરતાં વાડીલાલને બમણા મોકલાયા, અને તેઓ બીજા લેખકોની ગૂજરાત સાહિત્ય સમાજમાં પ્રસિદ્ધ નથી છતાં શા માટે આમ ? એમ કેટલાકે કલ્પના કરી જુદા જુદા વિચાર જણાવ્યા છે. શ્રી વાડીલાલને એક તો ઠીક થયું છે કે કેટલાએ લેખકો અને પત્રકારોની અંદરની શક્તિ જોવાની તક આ પ્રસંગથી મળી છે. કેટલાકો આ ઘટનાને જોઈ આનંદ્યા છે. કેટલાઓએ ઉદાસીનતા બતાવી છે, કેટલાઓએ ઇર્ષાસૂચક ઉદ્ગાર કાઢ્યા છે. આનો ઉત્તર શ્રીયુત વાડીલાલને આપવાનો હોયજ નહિ. તેઓ સાહિત્ય સારૂં લખે છે કે માઠું એની કદર સાહિત્યપ્રેમી સમાજ કરે તે ઇષ્ટ છે. બીજાઓના અભિપ્રાય તેમને આનંદ કે અફસોસ ઉપજાવશે નહિ એમ સમજી એટલું કહીશું કે તેમના વિચાર પ્રમાણે તત્વજ્ઞાન બાબતમાં કે ક્રિયાશક્તિ બાબતમાં તેમની પ્રગતિ સંબંધે સારો-નરસો અભિપ્રાય કોઇએ આપવા દરકાર કરી હોતતો તેઓ જરૂર ખુશી થાત.

રા. વાડીલાલે ઉક્ત એક હજાર રૂપીઆના ઇનામનો અંગત લાભ લેવાની ના કહી છે અને એનો ઉપયોગ શું કરવો તે તેમણે બહાર પાડેલા પત્રમાંથી ટુંકમાં લઇએ છીએ:—

'નગ્ન સત્ય' ('Being') શ્રી 'મહાવીર' (Superman) નું છે, અને 'સમયના પ્રવાહમાં' (Becoming) superman નો વિજયાંકિત વાવટો ફરકાવનાર સુભટ અને ભાટ ફ્રેડરિક નિત્શનું છે. એમાં મારૂં કાંઈ પણ હોય તો તે માત્ર એમની પ્રેરણાને સ્વેચ્છાપૂર્વક તાબે થવા રૂપ 'મૌન' જ છે, કે જે મૌન અદ્યાપિ પર્યંત અપક્વ હોઇ એ શક્તિઓનાં બરનાં શરીરે મળી શક્યાં નથી.

'હજારની રકમ તો એ પરમ શક્તિઓ પર પુષ્પવૃષ્ટિ હોઈ, અને એ શક્તિઓ પોતે તો પુષ્પની પણ પરવા વગરની હોઈ જેમને હજી સુગંધનો 'શોખ' છે અને સુગંધ પીછાનનારૂં 'નાક' છે તેવા સહધર્મીઓ માટે 'સત્ય' ના પુનર્જન્મમાં એ રકમની યોજના કરવાની મ્હારે શિર ફરજ નંખાયલી માનું છું; અને જેથી એ રકમનો કબજો એવી શરતથી સ્વીકારૂં છું કે, છેલ્લા એક દાયકામાં છૂટક છૂટક લખાયલાં નગ્નસત્યો એક ગ્રંથરૂપે છપાવવામાં એ રકમનો ઉપયોગ કરી તથા તેમ કરવામાં ખૂટતી રકમ પદરથી ઉમેરી અઢી રૂપિયાના મૂલ્યવાળી બે હજાર પ્રતોના વેચાણની આખી આવક મ્હને સંબંધ ન હોય એવા પ્રકારની હરકોઈ સાહિત્યસેવામાં અર્પણ કરવી.'

આ વિચારો પરથી રા. વાડીલાલની ઉદાત્તતા જોઇ શકાશે. એથી અને સાહિત્ય સમાજમાં અમારા એક જૈન લેખકની-વિચારકની આ રીતે જાહેરમાં કદર થાય છે એ જાણી અમોને અતિ પ્રમોદ ઉપજે છે.

## ૭-પ્રકીર્ણ.

(૧) **રા. ચીમનલાલ જે. શાહ બી. એ.** એક તાજા જૈન ઉત્સાહી તરૂણ ગ્રેજ્યુએટ છે. તેઓ એમ. એ. ની પરીક્ષામાં પાસ થવા માટે એક પુસ્તક લખવા માગે છે અને તેનો વિષય The Jains of Northern India–'ઉત્તર હિંદના જૈનો' એ નામનો પોતે પસંદ કર્યો છે અને તે યુનિવર્સિટી પાસ કરે તો તેમને એમ. એ. ની ડીગ્રી મળે. આ વિષય માટે તેઓ દરેક જૈન વિદ્વાનની સહાય, સાધનો અને વિગતો પૂરા પાડવા માટે માગી રહ્યા છે, અમો પણ તેમને દરેક જાતની હકીકતો, ઐતિહાસિક બિનાઓ, પુસ્તકો, વગેરે ઉક્ત વિષયને ઉપકારક હોય તે પૂરી પાડવા દરેક સાહિત્ય અને ઇતિહાસ રસિક જૈનને વિનતિ કરીએ છીએ. આશા છે કે આ વિનતિ સ્વીકારાશે. તેમનું ઠેકાણું પરીખ મેન્શન-પહેલે માળે, સેન્ડ હર્સ્ટ રોડ મુંબઇ છે. તેમણે તાજા અભ્યાસના પરિણામે 'The A. B. C. of Jainism નામનો અંગ્રેજીમાં એક લેખ લખ્યો છે.

(૨) આવીજ રીતે એક દક્ષિણી બ્રાહ્મણ ગ્રેજ્યુએટે 'The Jains of the Southern India' 'દક્ષિણહિંદના જૈનો' એ નામનો એમ. એ. ની ડીગ્રી માટેનો વિષય લીધો છે. તે માટે પણ ઉપર

જણાવેલાં સાધનો પૂરાં પાડવાની જૈનોને અને ખાસ કરી દિગંબરી ભાઇઓને વિનતિ છે. તેમનું નામ તથા ઠેકાણું નીચે પ્રમાણે છે:—S. R. Sharma –Indian Historical Research Institute St. Xavier's College Bombay.

(૩) ન્યૂ પૂના કૉલેજમાં બી. એ. માં ફર્સ્ટક્લાસમાં પાસ થઇ શ્રીયુત મધુસૂદન મોદી ફેલો નિમાયા છે. તેઓ **અપભ્રંશ સાહિત્ય** ઉપર એક નિબંધ (thesis) લખે છે. તેમને અમારી 'જૈન ગૂર્જર કવિઓ ભાગ ૧ લો' ની ચોપડી શ્રીમતી કૉન્ફરન્સ ઓફિસ તરફથી પ્રો. ઠાકોરદ્વારા ભેટ તરીકે પૂરી પાડવામાં આવી છે અને અમે ઇચ્છીએ છીએ કે તે ભેટ ઘણી ઉગી નીકળશે. પાટણ ભંડારમાં અને ખાસ કરી દિગંબરી ભાઇઓના ભંડારમાં હજુ ઘણું અપભ્રંશ સાહિત્ય અપ્રકટ અને અજ્ઞાત પડ્યું છે તે બહાર લાવી આવા વિદ્વાનોને બતાવાય યા પૂરૂં પડાય તો જૈનોનો તે સાહિત્ય માટેનો જબરો ફાળો અપાયેલો તે બાબતની અને એ રીતે જૈનોની સાહિત્ય સેવાના મહત્વની પીછાન જગતને કરાવી શકાય. દેશી ભાષાઓનું શાસ્ત્ર ઘડી શકાય.

## ૮ 'સામાયિક સૂત્ર.'

(મૂળ, સંસ્કૃત છાયા, સૂત્રના ક્રમનો આશય, વિધિ, વિધિના હેતુ સહિત) તેમજ તેમાં સામાયિક વિચારના નિબંધ સહિત અમારા તરફથી પૂર્વે દશેક વર્ષ પહેલાં પ્રકટ થયું હતું તેની એક પણ નકલ મળી શકતી નથી, તેની સંશોધિત અને સંવર્દ્ધિત બીજી આવૃત્તિ થોડા માસમાં એક મહાશયની દ્રવ્ય સહાયથી પ્રકટ થનાર છે તો તેમાં જે કંઇ આવશ્યક સુધારા વધારા હોય તે કોઇ વિદ્વાન્ અનુભવી ભાઇ યા બહેન તુરતજ અમારા તરફ મોકલી આપશે તો તેમાં દાખલ થઇ શકશે, અને એ રીતે પુસ્તકની મહત્તા વધારવા માટે અમારી તેમને વિનંતિ છે.

## ૯ જૈનો વિરૂદ્ધ વિષમય સાહિત્ય.

રાસમાળા જેવા પુસ્તકમાં જૈનો સંબંધી એટલી બધી ખોટી અને ભ્રમણાજનક ઘટનાઓ દાખલ થઇ ગઈ છે કે તેનો વિચાર કરતાં કોઇ પણ તટસ્થ માણસ 'તોબા તોબા' પોકારે તેમ છે, આ રાસમાળા પૃ. ૨૯૪ પરની એક દંતકથા પરથી એક યુવક કલાકાર (મીસ્ત્રી) 'ઝમોર' નામની એક નવલિકા 'ઉપહાર' માટે 'ઉપહાર'ના ઉમેદવાર તરીકે લખી મોકલે છે અને તે શેઠ પુરૂષોત્તમ વિશ્રામ માવજીના સચિત્ર માસિક 'સુવર્ણમાળા'ના ગત માગશર અને પોષ માસના અંકોમાં બે કકડે સંપૂર્ણ પ્રગટ થઈ ગયેલ છે.

આ વાર્ત્તામાં ઘણું વિષ રહ્યું છે. જૈન પ્રસિદ્ધ સૂરિ શ્રી હેમચંદ્ર અને તેમના કલ્પેલા શિષ્યો નામે નક્ષત્રસૂરિ અને પ્રવીણસૂરિ (કે જે નામના સૂરિઓ થયાજ નથી) તેમને પ્રપંચખોરીની ટોળી તરીકે અનેક તિરસ્કરણીય પ્રપંચો અને જૈન મુનિના આચારથી વિરૂદ્ધનાં કાર્યો કરતાં વર્ણવ્યા છે, જૈન થયેલા કુમારપાળ રાજાને નિર્માલ્ય-તેજોહીન બતાવેલ છે, અને અજૈન પાત્રો (દંતકથાની મેવાડી રાણી અને જયદેવ બારોટ કે જેનો કયાંય પણ ઉલ્લેખ કોઇપણ ગ્રંથમાં નથી) ની બહાદૂરી વર્ણવી છે અને 'ઝમોર' કરાવી જૈનો પર શ્રાપ આપ્યા છે—આ સર્વ હૃદયને એટલું બધું હલમલાવે તેવું છે કે તે સામે પ્રબલ વિરોધ કર્યા વગર રહેવાય તેમ નથી, છતાં તે સ્થિતિમાં અવાય તે પહેલાં અમે ઇચ્છીએ છીએ કે સર્વમતસહિષ્ણુ, ઉદાત્ત અને ભલા ગૃહસ્થ શ્રીમન્ પુરૂષોત્તમ વિશ્રામ માવજી આ સંબંધમાં ઘટતું જાહેર કરી જૈનોની લાગણીને માન અને ન્યાય આપશે એવી ખાત્રી ભરી આશા છે. એટલા માટે તેમજ ઉપરની નોંધો લખાઇ ગયા પછી આ લખવામાં આવે છે તેથી સ્થાનને અભાવે અમે અમારા ઉદ્દગારો તેમજ જૈન સમાજમાં ઉપસ્થિત થયેલા ઉદ્દગારો બહાર પાડવાનું મોકુફ રાખીએ છીએ. વિશેષમાં આપણી કોન્ફરન્સ ઑફિસે આ વાત હાથ લીધી છે; અને તેનું પરિણામ આવતા અંકમાં જાહેર કરી શકીશું.

# સામાયિક–યોગ અને તેથી થતો આત્મવિકાસ.

## વ્યાખ્યાતા—પંડિત ફત્તેહચંદ કર્પૂરચંદ લાલન.

આ વિષયપર જાહેર ભાષણ મુંબાઈમાં શ્રી મુંબઇ માંગરોળ જૈન સભાના આશ્રય નીચે તા. ૨૩-૧ ૧૯૨૭ રાવવારને દિવસે રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇના પ્રમુખપણા હેઠળ પંડિત લાલને આપ્યું હતું. સભાનો હોલ સારી રીતે ભરાઇ ગયો હતો. આનો રીપોર્ટ એક ભાઇએ લખીને મોકલ્યો તે અત્ર તત્ર સુધારી અહીં પ્રકટ કરવામાં આવે છે. **તંત્રી જૈનયુગ.**

[ પ્રારંભમાં પ્રમુખે જણાવ્યું કે આપે મને આ સ્થળે બેસાડીને ઉપકૃત કર્યો છે, મારી લાયકાત જો કાંઇ હોય તો 'સામાયિક સૂત્ર' એ નામનું પુસ્તક સંગ્રહરૂપે એકત્ર કરી મેં સને ૧૯૧૧ માં પ્રકટ કર્યું છે તે હોઈ શકે. પંડિત લાલન પોતાનો સ્વાનુભવ આજે પ્રકટ કરે છે. તેમના જેટલો અનુભવ નથી કરી શકયો. પંડિત લાલનને એઓને સામાયિકની ધૂન લાગી છે, ગાંધીજીને ખાદીની ધૂન લાગી છે, સુરજમલભાઈને નવકારની ધૂન લાગી છે, ધૂન વગર કાર્ય ઉત્તમ રીતે થતું નથી. મહાપુરૂષોનું ચરિત્ર જોઇશું તો જણાશે કે તેઓને અમુક અમુક જાતની સાચી ધૂન હતી અને તેથી ઉત્તમ કાર્ય તેઓ કરી શકયા. એટલે ધૂનની કિંમત છે.

પંડિત લાલનની ટુંકી ઓળખાણ એ કે તેઓ એક મિશનરી—ધર્મપ્રચારક, એવો જેનો અર્થ છે એવા એક મિશનરી છે. તેમની ઓળખાણ આપવાની મને અગત્ય નથી લાગતી કેમકે એમને બધા ઓળખે છે.

મીશનના અર્થાત પ્રચારના જન્મ વગર આપણા ધર્મની ઉન્નતિ નથી. જો તેમણે આ પ્રયાસ સતતપણે અત્યાર સુધી જારી રાખ્યો હોત તો સમાજ તેઓની સુવર્ણ જ્યુબિલી પણ કદાચ ઉજવત. રા. શિવજીના ચાલુ પ્રકરણમાં તે પોતે તટસ્થ છે એમ તેમનું કહેવું થયું છે તે અત્ર જણાવી દઉં છું. હવે તેઓ આપણી સાથે મળી જે કંઇ કહેવા માગે છે તે પોતાના અનુભવ સહિત પ્રકટ કરશે. ]

**પંડિત લાલને પોતાનું ભાષણ શરૂ કર્યું:—**

આપણા શ્વેતાંબર આચાર્યોમાં, પ્રકાશના પર્વત જેવા કોહીનુર જેવા મહાન ચળકતા એવા શ્રી હરિભદ્રસૂરિ થયા છે તેઓશ્રીએ કોઇ પણ ધર્મક્રિયા—ધર્મવિધાન–ધર્મઅનુષ્ઠાન કેવી રીતે કરવા જોઇએ ? તેનું આપણને ધોરણ બાંધી આપેલ છે. તે ધોરણનું આછું ચિત્ર આપવાને હું પ્રયત્ન કરીશ.

પ્રથમથી તેઓએ અનુષ્ઠાનને પંચાવયવરૂપ કરી દેખાડયું છે, એટલે કે ૧ પ્રણિધિ, ૨ પ્રવૃત્તિ, ૩ વિઘ્નજય, ૪ સિદ્ધિ, અને ત્યારકેડે ૫ વિનિમય.

**પ્રણિધિ**-માં તેઓશ્રીએ દેખાડયું છે તે એ છે કે આપણે આ ક્રિયા કરી—દાખલા તરીકે સામાયિક યોગ સાધી શું મેળવવું છે તે પ્રથમ નક્કી કરવું જોઇએ. પ્રણિધાન એટલે સાધ્ય–ઉદ્દેશ શું છે–લક્ષ શું છે તે. જેને ધનનું બરાબર ચિંતન છે, તે ગૃહ, સંતાન, સ્રી, કુટુંબ વગેરે છોડી જ્યાંથી તે મળે છે ત્યાં એટલે કોઈ આફ્રિકા, કોઈ કયાં એમ દૂરના પ્રદેશોમાં ચાલ્યો જાય છે–ધન મેળવવાનું લક્ષ્ય છે અને તે મેળવવા આફ્રિકા જવાની પ્રવૃત્તિ છે. માટે જે મેળવવું હોય તેનું લક્ષ્ય કે સાધ્ય પ્રથમ નક્કી કરવું અગત્યનું છે. એ લક્ષ્યને પ્રણિધિ કહે છે–લક્ષ્ય ઉપર આપણે જેટલા સંગીન હોઇશું તેટલી સંગીન શક્તિ આપણી 'પ્રવૃત્તિ'માં હશે. જેટલો પ્રેમ, તેટલું પ્રવૃત્તિમાં બળ. ધારો કે પ્રવૃત્તિ કરતાં આપણને આપણા માર્ગમાં કેટલાંક વિઘ્નો નડયાં, દાખલા તરીકે પુના જવું છે, પુના પહોંચી તેની સુખદાયક હવા મેળવવી છે અને તેથી આરોગ્ય આપણે સાધીશું એ નક્કી હોવાથી આપણે આપણા માર્ગમાં વિઘ્ન રૂપ પર્વતોને એ સાધ્ય ઉપર થયેલી પ્રીતિના લીધે તોડી ફોડી આપણો માર્ગ કરીશું.

આમ **પ્રણિધિ** એટલે આપણું સાધ્ય, **પ્રવૃત્તિ** એટલે આપણું સામાયિક રૂપ સાધન, અને સાધ્યને પહોંચવામાં, માર્ગમાં આપણા પ્રવૃત્તિ માર્ગમાં આવતા બાર કાયાના, દશ વચનના, અને દશ મનના દોષ રૂપી વિઘ્નોને આપણે તોડી ફોડી તેના પર જય

મેળવી એટલે **વિઘ્નજય** કરી સાધ્ય બળે આગળ વધી શકીએ તો, ચોથી સ્થિતિ જેને આચાર્ય પ્રભુ **સિદ્ધિ** કહે છે, એ સિદ્ધિએ આપણે પહોંચીએ, આપણા સાધ્યની સિદ્ધિ થયા પછી આપણે **વિનિમય** કરીએ એટલે બીજાઓને એ સાધન દેખાડીએ કે જેથી એઓ પણ એ સિદ્ધિને પામે.

શ્રી મહાવીર સ્વામીનું સાધ્ય શું હતું? એ સાધ્યને પ્હોંચવા તેઓશ્રીએ કયું સાધન અંગીકૃત કર્યું? એ સાધનની સાધના કેવે પ્રકારે કરી? માર્ગમાં આવતાં વિઘ્નોને કેવે પ્રકારે દૂર કર્યાં? અને આત્મસિદ્ધિ વરીને શી સિદ્ધિઓ પ્રાપ્ત કરી? એ આપણે હવે તેઓશ્રીના સ્વમુખે ઉચ્ચારેલાં આગમરૂપ આરીસામાં જોઈ શકીએ છીએ, એટલુંજ નહિ પરંતુ જે સાધન વડે, જે સામાયિક વડે, અનંત જ્ઞાનાદિ સમૃદ્ધિઓ તેઓ પામ્યા તે સામાયિકનું પણ જે કંઇ વર્ણન પ્રથમના આચારંગ સૂત્રમાં છે તે પણ આપણે વિચારીએ.

એમનું સાધ્ય શું હતું?-કંઈ ઑાર-જૂદું હતું અને તે એકે પૂર્ણજ્ઞાન, પૂર્ણદર્શન, પૂર્ણચારિત્ર, પૂર્ણ આનંદ, પૂર્ણ બળ-વીર્યની પ્રાપ્તિ. તે મેળવવા માટે તેમણે કુટુંબ, રાજ્ય, દેશ છોડયાં અને એ પૂર્ણ જ્ઞાનાદિ અનંત ચતુષ્ટય, તેઓએ સામાયિક વડે, હાંસીલ કર્યાં. શ્રી વીરને વિઘ્નજય કરતાં કેટલો સમય જોયો? સાડાબાર વર્ષ અને એક પક્ષ. તે વીતતાં, તેમની સાધના પૂર્ણ થઇ, કોઇ કાળે અસ્ત ન પામે એવા કેવળ જ્ઞાન રૂપ ભાસ્કરનો, ઉદય થયો.

એ જ્ઞાનાદિની-આનંદની-બળાદિની પૂર્ણતા એ શું છે? એ સમજવા હવે આપણે પ્રયત્ન કરીએ. એ પૂર્ણતાનો ખ્યાલ આવે, એના માટે આપણે એક ઉદાહરણ લઇએ:-**नाहोरात्रौ यथा सूर्ये प्रभारूपा विशेषत:** As there is neither day nor night in the ever-enlightening sun અર્થાત્ જેમ સર્વદા ઉદયમાન રહેતા સૂર્યમાં રાત્ર દિવસ નથી, તેમ આત્મામાં પૂર્ણતા ક્ષણિક નથી, તેમ નથી ક્ષણિક અપૂર્ણતા, પણ આત્મામાં તો શાશ્વત દિવસની પૂર્ણતાજ છે. રાત્રિનો સર્વથા અભાવ છે. એટલે જે આત્મા આપણે પામવો છે, તેમાં અજ્ઞાનાદિ રાત્રિનો અભાવ છે-એ આપણે હવે જોઇશું.

પૃથ્વી ઉપર રાત્રિ દિવસ છે, તેમાં જે બાજુ સૂર્યનો પ્રકાશ આવે છે, ત્યાં દિવસ, અને તેની સામેની બાજુએ રાત્રિ હોય છે.

આ રીતે જ્યાં સુધી આપણે આ પૃથ્વીરૂપ દેહને હું માનીએ છીએ-શરીરાદિમાં આત્મબુદ્ધિ કરીએ છીએ ત્યાં સુધી શુભ અશુભ કર્મના રાત્ર દિવસ, આપણને આવ્યા કરવાના છે. પરંતુ કાંતો પૃથ્વીને ખસેડી નાખી હોય, તો આપણે શાશ્વત દિવસજ દેખાશે કાંતો આપણે, સૂર્યના વિમાનમાં ચડી જઇએ તો પણ આપણને શાશ્વત દિન જણાશે, તેમ આપણે દેહભાવને, પૃથ્વી જેવા બહિરાત્મભાવને, દૂર કરીએ-સામાયિકના સમય સુધી પણ-બે ઘડી સુધી પણ-એક મુહુર્ત સુધી પણ-દૂર કરીએ તો એ આત્માની આપણને ઝાંખી થશે, એ સામાયિક ચાલુ રાખી તેને એક દિવસના પૌષધ સુધી લંબાવીશું તો તેનાં દર્શન થશે. અને રાત્રિ દિવસનો પૂર્ણ પૌષધ એટલે ૩૦ સામાયિક સાધીશું તો દર્શન મોહનો ક્ષય થઇ ચારિત્ર મોહનો પણ ક્ષય કરી, એ પૂર્ણ આત્માનો સાક્ષાત્કાર કરીશું. એવા આશયથીજ પ્રભુએ આપણને, આચારાંગ સૂત્રમાં ઉપદેશ કર્યો છે કે,-મેં સામાયિક વડે પૂર્ણતા સાધી અને તમે સાધો—'સવીજીવ કરૂં શાસનરસી' એવી ભાવનાવાળા પ્રભુએ સામાયિક-યોગના રસિક થાઓ એવું ઉપદેશ્યું.

એક મહાપુરૂષના વચનમાં કહું તો—

**मनुष्याणां सहस्रेषु कश्चित् यतति सिद्धये.**
**यततामपि सिद्धानां कश्चिन मामवेती तत्त्वत:**

"અરે તમે મનુષ્યો થઇને, કોઇકજ મારા ઉપદેશેલા-સામાયિક યોગને સાધો છો! અને મારા શાસનમાં સામાયિક યોગને સાધતા છતાં પણ મને-મારી સામાયિકને મારી સાધનાને તત્વથી રહસ્યથી કોઇકજ સમજો છો! એમ ન ઘટે, મારા પુત્રો અને પુત્રીઓ, તમારે સર્વએ **સર્વથી** અને શક્તિ ન હોય તો, **દેશથી**-એ સામાયિક યોગની સાધના કરવીજ

અને જે સિદ્ધિની મેં પ્રાપ્તિ કરી છે તે કરવી,"

મહાત્માશ્રી આનંદઘનજી પણ કહે છે કે—

"સર્વ પાપનું મૂળ, સર્વ અજ્ઞાનાદિનું મૂળ, દેહને હું માનવો એ છે" એઓશ્રી દેહનો તમને ત્યાગ કરવાનું નથી કહેતા, પણ દેહ એ હું છું એવા બહિરાત્મ ભાવનો—એવા મિથ્યાત્વનો ત્યાગ કરવાને, ઉપદેશે છે કારણ કે બહિરાત્મભાવજ સંસારનું કારણ છે.

તેઓ શ્રી સુમતિનાથ ભગવાનની કોર્ટમાં અપીલ કરતાં નોંધાવે છે કે,-

"આતમબુદ્ધે હો કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ."

કાયાદિકને હું માનવો એજ પાપ રૂપ છે. અર્થાત્ કાયાદિકને હું ન માની હાલ દેખાતી આ કાયામાં રહેલો પૂર્વે અનેક પ્રકારની કાયાઓમાં રહી આવેલો અને હજી પણ સકલ કર્મ બંધનોનો ક્ષય કરી મોક્ષ ન પ્રાપ્ત કરૂં ત્યાં સુધી સદા સર્વદા કાયમ રહેનારો એવો આત્મા હું છું, એવો ઉપયોગ રહેવો તે અંતરાત્મા, અને તેજ સર્વ પાપના નાશનું મૂળ. મોહનીય આદિ સીતેર કોડાકોડી સાગરોપમની આયુષવાળા કર્મ પર્વતનો પણ વજ્રની પેઠે ઉચ્છેદ કરનાર આત્મા, બહિરાત્માનો સાક્ષી અને પરમાત્માનો સાક્ષાત્કાર કરનાર એ હું છું, એવું જાણી તમે સામાયિક કરો. જુઓ શ્રી સુમતિનાથરૂપ મહાન ન્યાયાધિશ, શાસન રૂપ ન્યાયમંદિરમાં જાણે બીરાજે છે. લાલનરૂપ મનુષ્ય દેહને હું માનવાથી ન્યાય મંદિરના પીંજરામાં ઉભો છે. એ લાલનરૂપ દેહમાં ઉપયોગ રૂપ રહેલો આત્મા—અંતરાત્મા—સાક્ષી આત્મા એ હાલ હું છું, મારૂં નામ **પ્રશમ** છે અને આ પીંજરામાં ઉભેલા મનુષ્યનું નામ લાલન છે. હું એ લાલનનો સાક્ષી છું. એના શુભ, અશુભ કર્મનો યથાશક્તિ પ્રામાણિક જ્ઞાતા છું. એના પૂર્વના શુભ કર્મને લઇને એને કોઈ ફલકાબ મળે કે અશુભ કર્મને લઇને એને કાંઈ શિક્ષા ખમવી પડે તેમાં પ્રામાણિક સાક્ષીને શો નફો તુકસાન છે? લાભ હાનિ છે? એક રોમન ફીલોસોફર પણ કહે છે કે—

Not all of me shall die હું સર્વસ્વ તો મરણ પામવાનો નથીજ.' **तं विदित्वा मृत्युमत्येति;**

વેદાંતરૂપ ઉપનિષદ પણ કહે છે કે, સાધક તેને જાણીને મૃત્યુને ઓળંગી જાય છે, એક અમેરિકન કવિ કહે છે કે—"મરણ તેને અડી શકતું નથી." અને જૈનોને તો એ વાત આત્મામૃતરૂપ છે. એક જૈન અધ્યાત્મિક કહે છે કે:—

**नाहं नारकी नाम न तिर्यक् नापि मानुषः**
**न देवः किन्तु सिद्धात्मा, सर्वोऽयं कर्मविभ्रमः।**

અર્થાત્ હું નારકી નથી, નથી હું તિર્યંચ, નથી મનુષ્ય, એટલુંજ નહિ પણ દેવ પણ નથી પરંતુ **સિદ્ધ**—આત્મા છું; નારકી તિર્યન્ચ દેવ અને મનુષ્ય એ તો કર્મના ખેલ છે—કર્મથી ઉત્પન્ન થયેલા દેહો છે, એતો કર્મમાં હુંપણાનો મને વિભ્રમ થયો હતો. આત્મભાનુનો અરૂણોદય થતાં આત્મ-પ્રતિભા—જાગતાં એ લાલનરૂપ વિભ્રમ મને ગયો. હું પ્રશમ છું, અને લાલનાદિ એ તો મારાં હવે તદ્દહેતુરૂપ સાધનો છે—સામાયિકના સાધનો છે.

એવું તે મનુષ્યમાં શું બળ છે કે અનુકુળ અને પ્રતિકુળ ઉપસર્ગો પણ જેનાથી હાર્યા? એવું તે મનુષ્યમાં શું વીર્ય-બળ છે કે જેથી પરિસહો પીગળી ગયા,—સંગમ આદિ હાર્યા?—એ બળ આપણી શક્તિ પ્રમાણે આપણે જોવા પ્રયત્ન કરીએ.

એ પરાભવ ન પામે એવું બળ—પરમપુરૂષ આપણને પોતાનો અનુભવ કરી કહે છે કે—એ—બળ તમારા સર્વમાં છે. શ્વેતાંબરમાં છે. દિગમ્બરમાં છે. બૌદ્ધમાં છે. અને સર્વમાં એટલે મુસલમાનોમાં, અંગ્રેજોમાં, પારસીઓમાં—સર્વમાં છે.

એ બળને પામવાને માટે સૌ સૌના મહાપુરૂષો માર્ગદર્શક બની માર્ગ દાખવી ગયા છે.

પયગમ્બર મહંમદે નિમાજ પઢી ખુદાને પામવા પ્રયત્ન કર્યો, મહાત્મા ક્રાઇસ્ટે પ્રાર્થના કરી God ગૉડને મળવા પ્રયાસ આદર્યો, હિંદુઓ શ્રી કૃષ્ણને

પામવા નિત્ય કર્મ કરે છે, બ્રાહ્મણો સંધ્યા કરે છે અને આપણે શ્રી પરમાત્માએ પોતાના પર પ્રયોગ કરી સિદ્ધ કરેલ સામાયિક કરીએ છીએ.

જ્યારે ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીએ તીર્થ-સ્થાપ્યું,-સંઘ સ્થાપ્યો-સમાજ રચના કરી, ત્યારે સર્વવિરતિરૂપ સામાયિક ચારિત્ર લેનાર, જે બહાર આવ્યા તે સાધુ અને સાધ્વી લેખાયા, અને દેશવિરતિ એટલે બે ઘડી સામાયિકમાં રહી સાધુત્વ આચરનારને શ્રાવક શ્રાવિકા ગણવામાં આવ્યા. આવી રીતે ચતુર્વિધ સંઘ શ્રી **વીર**ના શાસનમાં પોતાના આત્મામાં વિશ્વાસ રાખી સામાયિકધારી થયો, અને તેથી શ્રી વીરના શાસનમાં તે ગણાય કે જેઓ વીરના સામાયિકને અનુસરી તેના પગલે ચાલતા હોય. આવા જે સામાયિક કરતા હોય તે તેમના તીર્થરૂપ સંઘમાં મળ્યા. બાકીનાને સામાયિકની અનુમોદના કરનાર 'માર્ગાનુસારી' ગણ્યા.-સભાના સભ્યો નહિ તો અનુમોદકો મનાયા.

શ્રી મહાવીરે સાડાબાર વર્ષ, અને એક પખવાડીઆ સુધી સાધના કરીને જ્યારે પૂર્ણજ્ઞાન, પૂર્ણ સામર્થ્ય સંપાદન કર્યું, ત્યારે અનુભવ્યું કે-ચૌદ રાજલોકના આત્મા સર્વ સમાન છે, કોઇના પણ આત્મ પ્રદેશો વધારે ઓછા નથી, વનસ્પતિ, કીડી કે ઇંદ્રનો આત્મા હો તોપણ એ સમાન છે અને એ આત્માના એકેક પ્રદેશમાં, અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત સામર્થ્ય ભરેલું છે.

હા ! કોઇનો આત્મા અલ્પ વિકસિત છે, કોઇનો વિશેષ વિકાસવાન છે, અને શ્રી મહાવીર સરખા સમર્થનો પૂર્ણ વિકાસ પામેલ છે. આત્માને નહિ વિકસવાનું કારણ, કે દિવસે દિવસે સંકુચિત થઇ જવાનું કારણ દેહાત્મબુદ્ધિ છે. 'હું દેહ છું' એવી ખોટી અને અજ્ઞાનમૂલક સમજણથી-આત્મ વિકાસ અટકી રહે છે. પણ દેહાદિનો સાક્ષી છું એ રૂપ સમ્યકત્વી થવા, એટલે પૂર્ણ વિકાસ પામવાને માટે અંતરાત્મા થવું પડશે.

આવો આત્મસંદેશ જૈન ધર્મે-નિજ ધર્મે જગતના કલ્યાણ અર્થે, પોતે પ્રતીત કરી સામાયિક આદિ આવશ્યક અનુષ્ઠાનોનું અનુશીલન કરી શાસનમાં ફેલાવો કરી આખા જગતમાં તેને વિસ્તારવા પ્રયાસ કરવો જોઇએ.

મારા એક જર્મન મિત્ર ડો. હર્મન જેકોબી કહે છે કેઃ—

**जिणवयणं पसिद्धं जंबुदिवम्मि चेवसव्वम्मि**
**कित्ति जस्स अचिरा पावओ सयल पुढविये**

અર્થાત્ જિન પ્રવચન કે જે જંબુદ્વિપમાં, સાંપ્રત એશિયામાં છે, તેની દિગંતમાં કીર્તિ પ્રસરો, અને માનવ જાત એ ધર્મ વડે પોતાનું સાધ્ય પ્રાપ્ત કરો.

જિન ધર્મ એ નિજધર્મ છે-આત્મ ધર્મ છે, અને તેના અનુયાયીઓ જો આત્મ સંદેશ પામી સામાયિક આદિ વિધિઓ અને ક્રિયાઓ સમજપૂર્વક કરવા પ્રવૃત થાય તો તેઓ તે ધર્મનું રહસ્ય પામી જગતના તમામ મનુષ્યોને હાલના વિસ્તારસુગમ કાળમાં સંદેશ પહોંચાડી શકશે.

મારા પિતા **અંચલ** ગચ્છ સંપ્રદાયના હતા. અને તેથી પોતે જ્યારે મુંબાઇમાં બંદર રોડ ઉપર નિવાસ કરી રહ્યા હતા, ત્યારે સર્વ અંચળ ગચ્છવાળા કચ્છી બંધુ બ્હેનો સાથે પ્રતિક્રમણાદિ કરતા, ૪૦-૪૫ વર્ષ ઉપર આ કચ્છી ભાઇઓમાં પ્રતિક્રમણ ભણાવનાર, માત્ર એકજ ધર્મપ્રેમી સજ્જન દેખાતા હતા, એટલે કે પ્રતિક્રમણ કંઠસ્થ હોય તેવા આ એકજ ભાઇ હતા અને તે સ્વ૦ ભીમશી માણેક હતા.

જેમ દેવર્ધી ગણિ ક્ષમાશ્રમણના સમયમાં, દેશકાળાનુસાર પ્રયત્નથી, જૈન આગમો, લેખનરૂપે પુસ્તકારૂઢ થયા, તેમ એ મહુંમ ભીમશી માણેકના સતત્પ્રયાસથી જૈન આગમાદિ અને જૈન સાહિત્ય વિશેષ ભાવે વિસ્તર્યાં, જેના પરિણામે આજે બાર વર્ષનાં જૈન બાળકો પણ સામાયિક, પ્રતિક્રમણ જેને મુખપાઠ હોય તેવા જોઈએ છે. ત્યાર પછી તે સામાયિક, પ્રતિક્રમણના ગુજરાતી અર્થો પણ સમજી શકે એવા ઉમદા આશયથી, મૂળ સૂત્રો અર્થ સહિત પ્રકટ કરવામાં આવ્યાં પણ તેનું પરિણામ પ્રાયઃ એવું આવ્યું કે જેમ પ્રથમ લોકો સૂત્રો કડકડાટ બોલી જતા

તેમ અર્થોને પણ ગોખી બોલી જવા લાગ્યા પણ તેના પર વિચાર, મનન, કરવાનું કાં તો તેમને સુઝયું નહિ અને કાંતો તેમણે તે પ્રત્યે દુર્લક્ષ્ય રાખ્યું. અને તેથી સામાયિક, પ્રતિક્રમણમાં જે રચના જે યોજના છે તેનાથી-કર્મ ખપાવનાર જ્ઞાનથી તેઓ અનભિજ્ઞ-અજ્ઞાત રહ્યા.

આ છતાં પણ આ રીતેય લોકો અન્યોન્ય, સામાયિક કરતા થયા તે પણ એક રીતે અમુક અંશે ઇષ્ટ અને કલ્યાણ કરનાર તો થયું, પરંતુ એ ક્રિયાકારને જે આનંદોર્મિ કે હૃદયોલ્લાસ થવો જોઇએ, તે નથી થતો.

ચિત્ત પ્રસન્ન ભૂમિકા પર્યંત જતાં સામાયિકના સાધકને સામાયિકનાં કેટલાંક રહસ્યો આપોઆપ સમજી શકાય છે, અને તેથી ઉત્સાહમાં વૃદ્ધિ થતાં બમણી હોંશથી તે સામાયિક કરતો અને સમભાવમાં રહેતો આગળ વધે છે, પણ સામાયિકમાં પ્રવેશ કરનારને જે વિઘ્નો અડચણ કરે છે, તેને દૂર કેવી રીતે કરવાં એ પ્રથમ સમજી લઇએ. તે વિઘ્નો ૩૨ છે:-દશ મનના, દશ વચનના અને બાર કાયાના દોષો છે. તેમાંના કાયા અને વાણીના બાવીસ દોષો તે સાધકના પ્રયત્નથી થોડાજ વખતમાં અડચણ કરતાં અટકી જાય છે. પણ મનના દશ દોષો દૂર કરતાં સાધકે યુક્તિ વાપરવાની હોય છે, કેમકે આપણે સામાયિકમાં બેસીએ એ વખતે પણ મનતો પોતાનું કાર્ય કરતું હોય છે, પણ તેને સામાયિક ક્રિયામાં સ્થિત કરવા માટે સામાયિક બરાબર સમજવું પડશે, અને તે જેમ જેમ વધારે સ્પષ્ટ સમજાશે તેમ તેમ મન પોતાના નિરંકુશ સ્વભાવને છોડી આપણા કાર્યને અનુસરશે.

મોહનલાલ ભાઈએ આપણા ઉપર ઉપકાર કરી શુદ્ધ સૂત્ર, અર્થ અને હેતુ સહિત સામાયિકની જે બુક પ્રકટ કરી છે તે ઘણીજ ઉપયોગી છે. મને તો તેમાંથી ઘણું જાણવાનું મળે છે, અને તમો સર્વ ભાઇઓ બરાબર મગજ પરોવી વાંચો તો, અત્યાર સુધી તમે કરેલી સામાયિક પર વધારે ઉજાસ પડશે, અને સામાયિકમાં વધારે આનંદ આવશે. જેમ ચકમક સાથે લોખંડનું ફળક અથડાતાં તેમાંથી પ્રકાશની ચીનગારી પ્રકટે છે, તેવી રીતે સૂત્ર સાથે તેના અર્થનું ચિંતવન રૂપ ઘર્ષણ થતાં તેમાંથી ફલિતાર્થ, કે ભાવાર્થ પ્રકટે છે. જ્યારે સાધક તેમાં રસ લેતો થાય છે ત્યારે, તેને મનન, વિચારણા, અને સ્ફુરણ સહજ થાય છે, અને સૂત્ર પાઠ બોલાતાં સાથેજ અર્થ અને ભાવ પણ સમજાય છે. ઉપયોગ સહિત બોલાય છે તેથી આત્મા ક્રમશઃ ઉન્નત થતો જાય છે.

(હું) વક્તા પોતે સામાયિક કરૂં છું. દરરોજ મારે પાંચ સામાયિક કરવાનો તો નિયમ છે. પણ તે ઉપરાંત પણ કરૂં છું અને અત્યારે સામાયિકમાં એવો આનંદ મળે છે કે ઇંદ્ર આવી મને કહે કે તારૂં સામાયિક આપ, અને તું મારૂં રાજ સંભાળ તો હું તે ન લઉં. પ્રથમ તો હું એટલો ક્રિયાપ્રિય નહોતો, પણ જ્ઞાનપ્રિય તો ખરોજ; પછી હું ક્રિયારૂચિ કેમ થયો, તે સંક્ષેપમાં કહું.

લાલનની અંગના ( પત્નિ ) કે જે પ્રખર ક્રિયારૂચિ હતા, તેમના દેહાવસાનના સમયે મેં તેણીને પૂછયું કે-તમને શું જોઇએ છે? ત્યારે તેણીએ કહ્યું કે મને સામાયિક પ્રિય છે, અને વળી તમે ૩૬૦ સામાયિક, ૩૬૦ પૂજા, ૩૬૦ માળા, ૩૬૦ દેરાસરના દર્શનો એટલું આપજો. મેં તેની તે માગણી કબુલ રાખી અને સામાયિક કરવાનો આરંભ કર્યો. પણ મૂળે તો હું જ્ઞાનરૂચિ હોવાથી ક્રિયાનો અને જ્ઞાનનો સંયોગ કરી દરેક ક્રિયા સમજણપૂર્વક કરવા લાગ્યો, અને તેથી સામાયિક સૂત્રોની ગુંથણી મને રહસ્ય વાળી જણાઇ-એટલે તો મારો ઉત્સાહ વધ્યો અને હું એકાંત સ્થાનમાં બેસી બાર, બાર સામાયિક કરવા લાગ્યો, અને વધારેને વધારે સમજવા લાગ્યો. પણ તે એકાંત સામાયિકનો લાભ હું એકલો લેતો હતો. એટલામાં મહારાજ શ્રી કપૂરવિજયના ગૃહસ્થ શિષ્ય કકલભાઇ ગોકળદાસ મારા સાથે રહેવા અને સામાયિક કરવા લાગ્યા, તેણે કપૂરવિજયજી મહારાજને આ વાત કરી. એટલે કપૂરવિજયજીએ મને આજ્ઞા કરી કહ્યું કે તમે આ સામાયિકનો પ્રચાર કરો, કોલેજોમાં, બોર્ડીંગોમાં, અને જ્યાં જ્યાં જૈનો વસતા

હોય ત્યાં જઇ તેને સામાયિક કરી બતાવો કે જેથી અમુક વર્ગમાંથી સામાયિક નષ્ટ થયું છે, તે પણ સમજીને ફરી સામાયિક કરતા થાય-તેથી આજે હું એમની આજ્ઞાનુસાર સામાયિક સ્થળે સ્થળે કરીને તેમજ લેકચર કરીને બતાવું છું.

જે સ્થિતિમાં મરણ સ્પર્શી કરી શકે નહિ, દુનિયાના કોઇ વિષયો લલચાવી શકે નહિ, એવી સ્થિતિ શુદ્ધ સામાયિક પ્રાપ્ત કરાવે છે,-એ આપણે શાસ્ત્રશ્રવણથી જાણીએ છીએ, અને તે સ્થાનને પહોંચવા આપણે ઉદ્યુક્ત થયા હોઇએ તો-આપણે શાસ્ત્રે બતાવેલા માર્ગ પ્રમાણે પ્રવૃત્તિ કરવી પડશે અને તેમાં અનુભવી મહાપુરૂષોએ બતાવેલાં અનુષ્ઠાનો, વિધિ-વિધાનોને અનુસરવું જોઇએ કે જેથી જે પ્રકારે તેમણે એ પૂર્ણ આનંદદાયક સ્થળ મેળવ્યું તેમ આપણે પણ મેળવી શકીએ.

જેઓને અનુભવ છે એવા સમર્થ આત્માઓ કહે છે કેઃ—

તમે દેહ નથી પણ દેહમાં રહેલ આત્મા છો, દેહ એ તો મર્યાદિત સમય સુધી આપણી સાથે રહે છે. પણ તેમાં જે વસી રહ્યો છે, તે આત્મા એવા કેટલાય દેહમાં જઈ આવી, હમણાં તમારા દેહમાં નિવાસ કરે છે. તે ભૂતકાળમાં હતો, ભવિષ્યમાં હશે, અને વર્તમાનમાં છે પણ દેહ એટલે આત્માનું ઘર, તે તો ૫૦-૬૦ કે પોણોસો વર્ષ પછી નહિ હોય, અને એવા દેહમાં આત્માને આવવાનું ત્યાં સૂધીજ હોય છે કે જયાં સૂધી તે શુભ-અશુભ કર્મથી બદ્ધ છે. કર્મથી નિવૃત્ત થતાં તે નિરાબાધ એવા મોક્ષ સ્થાનમાં પહોંચે છે.

અંતરાત્મા થયા પછી તેને જગતના સકળ પ્રાણીઓ આત્મવત્ લાગે છે. અને તેથી પોતે કોઇને દુઃખરૂપ થતો નથી. આથી નવાં કર્મ આવતાં બંધ થાય છે. અને પ્રથમનાં કર્મો સમભાવ વડે નષ્ટ થાય છે. આ પ્રમાણે નષ્ટ થયેલાં કર્મ, અને કષાય રહિત આત્માને પરમ આનંદરૂપ સ્થિતિનો અનુભવ થાય છે.

આપણા જૈન સાહિત્યમાં કોઇક સ્થળે એવો ઉલ્લેખ જોવામાં આવે છે કે, ચારિત્ર પાળી પાળી ઓઘા અને મુહપતિઓનો મેરૂ જેવડો ઢગલો કરે, પણ જો તેની અંતરાત્મ-બુદ્ધિ નહિ હોય તો તે કર્મથી મુક્ત થઇ શકતો નથી અને તેથી તેની દેહાત્મ બુદ્ધિમાં હંમેશાં આસ્રવ (કર્મનું આવવારૂપ) જાણ્યે અજાણ્યે થયાંજ કરે છે. તે કર્મનો આસ્રવ દૂર થતાં અંતરાત્મા સમજાય છે.

સાંપ્રત સમયમાં દેહાધ્યાસી મનુષ્ય પોતાનાં ત્રણ કર્તવ્ય સમજે છે, અને તેમાં પોતાનું આખું જીવન પસાર કરે છે. તે ત્રણે દેહના માટેજ છે. શરીરને પોષવા માટે અનાજ, શરીરને ઢાંકવા માટે વસ્ત્ર, અને શરીરને નિવાસ કરવા મકાન-બસ આ ત્રણ જરૂરીઆત તેને દેખાય છે. જે દેહ અમુક વખત સૂધી સાથે રહી જતો રહે છે. તે માટે તે પોતાનું મૂલ્યવાન માનવ જીવન ખર્ચતો હોય છે, પરંતુ તેમાં રહેલ એવા આત્મા માટે તેને કાંઇ વિચાર આવતો નથી, અને કદાચ વિચાર આવે છે તો આચારમાં મૂકી શકતો નથી.

આત્મબળે આપણને અજાણ્યે પણ ફેરવી ફેરવી અનેક યોનિમાં પસાર કરી આપણને ઉત્તમોત્તમ એવો મનુષ્યભવ પ્રાપ્ત કરાવ્યો છે. એમ અકામનિર્જરામાં આટલું કામ તો કર્યું પરંતુ સમજણપૂર્વક આત્મની પૂર્ણતા માટે શ્રી વીર પ્રભુએ બતાવેલું સામાયિક કરી આપણે પૂર્ણ થવું જોઇએ.

મનુષ્ય જીવન દુર્લભ છે, એમ દેવો પણ કહે છે. કારણ કે મોક્ષમાં જવાને માત્ર મનુષ્યજ પ્રયત્ન કરી શકે છે. તેવા ભવમાં આવીને પણ જો આપણે આત્મકલ્યાણ કરી ન શકીએ તો પછી ક્યારે કરીશું?

આપણામાં રહેલ આત્મા અને પરમાત્માની સરખામણી વિચારતાં આપણને પ્રતીત થાય છે કે- અનંત જ્ઞાની છે એ પરમાત્મા, અને અલ્પ અજ્ઞાની તે આત્મા. પણ પ્રયત્ન વડે, આત્મા તે પરમાત્મા થઇ શકે છે.

દેહભાવથી અલગ થવા માટે, પ્રથમ દેહ અને આત્માને જુદા સમજવા જોઇશે, અને આત્મા તો દેહાદિનો સાક્ષી છે, અને તેથી કર્મનું ફળ ભોગવવાનું દેહભાવીને રહે છે. આત્મા તો સાક્ષી છે.

પ્રભુ શ્રી મહાવીરે જ્યારે તીર્થ સ્થાપન કર્યું ત્યારે, પોતે જે ક્રિયાથી ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યા હતા, તે સ્થિતિમાં જગતના જીવોને લાવવાના આશયથી એમણે સંઘ સ્થાપિત કર્યો. અને તે સંઘમાં આવેલા જે, બે ઘડી સામાયિક કરે તે શ્રાવક અને જીવન પર્યંત સામાયિક કરે તે સાધુ કહેવાયા.

જૈન ધર્મના અનુયાયીઓને સુખદુઃખના પ્રસંગો હર્ષ કે શોક કરાવી શકતા નથી. કારણ કે તે કર્મને માનનારા છે. અને તેથી પોતાને સુખપ્રદ પ્રસંગોમાં, શુભ કર્મનો ઉદય ભોગવનાર ગણે છે. અને દુઃખના સમયે તે મારા અશુભ કર્મનો ઉદય છે, એમ સમજી વિહ્વળ થતા નથી. અને અંતરાત્મ પછી નિર્જરા વડે અશુભ કર્મનો નાશ કરે છે.

એવી રીતે યથાશક્તિ રાગ દ્વેષ રહિત થતાં આત્મા પોતાના ગુણોને રાગ દ્વેષાદિથી થયેલા આચ્છાદિતપણાથી ધીરે, ધીરે છોડાવતો દર્શન દે છે, અને છેવટે બત્રીશ દોષો રહિત સામાયિક કરીને આત્માના ગુણોને ભેટવાનો અધિકારી થાય છે.

જે વસ્તુ તમારે પામવાની ઇચ્છા છે, તેના તરફ વિશેષ વિચાર કરો તો બળવત્તરપણે રૂચિવાન્ થઈ આગળ વધતાં વિઘ્નો તમને નાનાં લાગશે અને પામવાની વસ્તુ અતિ મહત્વની જણાશે. આડે આવનારાં વિઘ્નો નાનાં અને અલ્પ થતાં થતાં એ વિઘ્નોને વિદારી પોતાનું લક્ષ્ય જ્યાં છે ત્યાં પહોંચી જવાશે. દાખલા તરીકે-જ્યારે માણસોને પુના જવાની જરૂર પડી, ત્યારે તેના રસ્તામાં પર્વતો આડે ઉભેલા હતા પણ માણસોએ તેને તોડીને પોતાનો માર્ગ કર્યો અને ગયા.

કેટલાક ભાઈઓ કહે છે કે, મન વશ નથી રહેતું. એ ભાઈઓની એ વાત ખરી છે, પણ એ મન વશ નથી થતું તેનું કારણ વિચારીએ.

આપણી ક્રિયાને જ્યારે આપણું મન અનુસરતું નથી, ત્યારે આપણે એ ક્રિયાને રસપૂર્વક કરતા નથી હોતા, અને તેથી મન બહારને બહાર ભટકયાં કરે છે. જ્યારે કોઇ પુસ્તક વાંચનાર તે સમજણ સહિત રસપૂર્વક વાંચતો હોય છે, ત્યારે તેનું મન તેમાં એટલું પરોવાયલું હોય છે કે-આસપાસ શું થાય છે તેની તેને ખબર પણ નથી હોતી. મન તેને પૂર્ણ સહાનુભૂતિ આપતું હોય છે. મન સ્થિત ત્યાંજ થાય છે કે-જ્યાં તે જ્ઞાનથી પ્રદીપ્ત હોય.

હાલમાં સામાયિકના અર્થો હૃદયમાં નથી ઉતરતા તેનું કારણ એ છે કે તે સામાયિક આત્મ કલ્યાણાર્થ કરવામાં નથી આવતું પણ લોકોમાં 'પોઝિશન' વધારવા માટે કરાય છે.

સામાયિક કરનાર આત્મા સકળ સંસારના જીવોને પોતાના સમાન ગણનાર હોય એટલે કોઇને દુઃખકારક તે થાયજ નહિ. શ્રી મહાવીરે સામાયિકમાં બાર વર્ષ અને એક પક્ષ રહી તેથી જે સિદ્ધિ મેળવી, તેથી **"सवि जीव करुं शासनरसी"** એ ભાવનાથી તીર્થંકર તરીકે રહી તેઓ સિદ્ધ થયા.

[ આ પછી પ્રમુખે ઉપસંહાર કરી સામાયિક સંબંધી વિવેચન કર્યું હતું. ભાષણકર્ત્તાએ પોતાનો વિષય પૂરો કર્યો હતો નહિ તેથી તેમનું બીજું વ્યાખ્યાન આજ વિષયપરે તે પછીના રવિવારે રાખવામાં આવ્યું હતું. આ બીજું વ્યાખ્યાન યથાવકાશે પ્રકાશ પામશે ]

અસંખ્ય યોગ છે, નવપદ એ યોગ છે તેમ સામાયિક પણ યોગ છે. કહ્યું છે કેઃ—

યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણોરે;
એહ તણે અવલંબને, આતમધ્યાન પ્રમાણોરે—

—શ્રીપાલ રાસ યશોવિજયજી.

**जे केवि गया मोक्खं, जे विय गच्छंति जे गमिस्संति ।**
**ते सव्वे सामाइय, माहँप्पेण मुणेयव्वं ॥**

—જે કોઇ મોક્ષે ગયા, જે વળી જાય છે, અને વળી જે મોક્ષે જશે તે સર્વ સામાયિકના માહાત્મ્યથી જાણવું.

# શમામૃત (છાયા નાટક)

[ મુખ્ય અનુવાદકઃ—રા. ભોગીલાલ અમૃતલાલ ઝવેરી B. A. LL. B. ]

[ આ નાટકનું ગદ્યમાં ભાષાંતર રા. રા. ઝવેરીએ કર્યું. શ્લોક ગાથાનો અર્થ પણ ગદ્યમાં મૂક્યો. અમે અત્ર તત્ર સુધારા વધારા કર્યા. પદ્યનું પદ્યમાં ભાષાંતર કરવા રા. બાબુલાલ મોતિલાલ મોદીને સોંપ્યું. તેમણે તે કર્યું તેમાં પણ અમોએ વિશેષ સુધારા વધારા કર્યાં અને આખરે આમ ત્રણના પ્રયત્નો વડે થયેલ ભાષાંતર અત્ર મુક્યું છે. મૂળ સંસ્કૃતમાં છે ને તે મુનિશ્રી ધર્મવિજયજી સંશોધિત થઈ ભાવસાર વનમાળી. ગોવિંદજી મુ. કોળીયાક (હાલ વેરાવળ) તરફથી સં. ૧૯૭૯ માં પ્રસિદ્ધ થયેલ છે. આ નાટકનું વસ્તુ શાંતિરસપ્રધાન છે તેથી તેનું નામ 'શમામૃત' આપવામાં આવ્યું છે. સામાન્ય રીતે શૃંગારરસપ્રિય લોકો છે તો તેને આવું શાંતિરસપ્રધાન નાટક કેમ પસંદ પડે એવો પ્રશ્ન નાટકકારેજ ઉઠાવી નટીના મુખમાં મૂકી તેનો ઉત્તર પણ સૂત્રધારના મુખમાં આપ્યો છે. જૈન ધર્મ એ ત્યાગપ્રધાન ધર્મ છે, અને જૈનાચાર્યોએ જ્યાં ત્યાં ત્યાગનાં માહાત્મ્ય ગાયાં છે-છતાં જૈનકથાઓમાં શૃંગારરસ અત્ર તત્ર જોવામાં આવે છે ને કયાંક તેને પલ્લવિત પણ કર્યો છે પણ છેવટમાં તો ત્યાગનો વિજયજ જોવામાં આવે છે. આ નાટકની વસ્તુ યાદવકુલના શ્રમણ ભગવંત નેમિનાથના ચરિત્રની છે. તે ૨૨ મા જૈન તીર્થંકર છે, અને આજન્મબ્રહ્મચારી રહી દીક્ષા લઇ આખરે ગિરિનાર પર્વત પર સિદ્ધિ પામ્યા છે. નાટકનો પ્રારંભ નેમકુમાર ઉગ્રસેનની પુત્રી રાજીમતિને સ્વજનોના આગ્રહથી પરણવા માટે રથમાં બેસી વરઘોડે ચડી ઉગ્રસેનના મહાલય તરફ જાય છે અને ત્યાં પુરેલાં બૂમ પાડતાં પશુઓને પેખી દયાર્દ્ર થઇ લગ્ન ન કરવાનો નિશ્ચય જણાવી પશુઓને છોડાવે છે. પોતે પાછા ફરતાં લોકાંતિક દેવો તેમને તીર્થપ્રવર્ત્તન કરવાની વિનતિ કરવા આવે છે. છેવટે આશીર્વાદ પૂર્વક નાટકની પૂર્ણાહુતિ થાય છે.

આટલી ટુંક વસ્તુ લઈને કવિએ કાવ્યરસ છલકાવ્યો છે અને પોતાની પ્રતિભા દાખવી છે. કવિએ પોતાનું નામજ કે પોતા સંબંધી કંઈ પણ હકીકત આપી નથી; છતાં તેનો સમય જાણવા માટે એટલું તો કહી શકાય કે મહોપાધ્યાય વિનયવિજયજીએ સં. ૧૬૯૬ માં રચેલી કલ્પસૂત્રપર સુબોધિકા ટીકામાં આ નાટકમાંથી ઘણો ખરો ભાગ થોડા ઘણા ફેરફાર સાથે શ્રી નેમનાથનું ચરિત્ર વર્ણવતાં લીધો છે તેથી તે પહેલાંની આ કૃતિ છે એ નિશ્ચિત છે. જે પ્રત પરથી સંશોધકે આ નાટક છપાવ્યું તેના પર લખ્યા સંવત્ નથી, છતાં તે એટલું જણાવે છે કે તે પ્રતના અક્ષરો અને તેની સ્થિતિ પરથી તે વહેલામાં વહેલી ૧૫ મી સદીને ને મોડામાં મોડી ૧૭ મી સદીની હોઇ શકે. આમ જો હોય તો આ નાટકનો સમય પણ તેજ સ્વીકારી શકાય. **તંત્રી જૈનયુગ.** ]

**પાત્રો.**

| | |
|---|---|
| **નેમિકુમાર......** | બાવીશમા તીર્થંકર |
| **સારથિ.........** | શ્રી નેમિકુમારનો રથ હાંકનાર |
| **રાજીમતી......** | ઉગ્રસેન રાજાની પુત્રી |
| **ચંદ્રાનના, મૃગલોચના...** | રાજીમતીની સખીઓ |
| **સમુદ્રવિજય......** | શ્રી નેમિકુમારના પિતા |
| **શિવાદેવી ......** | સમુદ્રવિજયની પત્ની |
| **દેવો..............** | લોકાન્તિક દેવતાઓ |

**મંગલાચરણ** અનુષ્ટુપ્

**શિવા સૂનુ જિને એવા, અમારૂં શિવ તો કરો,**
**નિવૃત્તિ ઇચ્છતાયે જે, વિરાગી સ્ત્રી થકી રહ્યા.૧**

મૂળ શ્લોકોનો અર્થ-જે મોક્ષ રૂપી સ્ત્રીને ઇચ્છતા છતાં પણ સ્ત્રીઓ વિષે વિરાગી હતા તે શ્રી શિવાદેવીના પુત્ર નેમિનાથ જિન ભગવાન્ અમારૂં કલ્યાણ કરો. ૧

( નાન્દિની પછી )

સૂત્રધાર—( સર્વ તરફ નજર ફેરવી વિસ્મય સહિત ) આર્યે! નાટકનું શ્રવણ કરો.

નટી—જેવી આર્યની આજ્ઞા.

સૂત્રધાર—જેણે પોતાના ચરિત્રરૂપી ચન્દ્રિકાથી ત્રણ ભુવનના લોકોને પ્રીતી ઉપજાવી છે તે શ્રી નેમિનાથ ભગવાનના યાત્રા-મહોત્સવના પ્રસંગ પર આજે એકઠા થયેલા વિદ્વાન સભાસદોએ મને આજ્ઞા

કરેલી છે કે શ્રી નેમિનાથ ભગવાનનું શમામૃત નામનું છાયાનાટક ભજવે.

નટી—( કૌતુકથી )

છોડી પશુ પણ દીસે, રસ શૃંગારજ સારભૂત જગમાં,
જન બહુમાન કરે આ, કાં નેમિજિન શમતા રસમાં

મૂળ ગાથાર્થ—શૃંગારરસ સારભૂત છે એવો આ જગતમાં બહુમત છે તો પછી પશુઓને છોડાવીને શ્રી નેમિજિનેંદ્રે શમતા રસ બતાવ્યો તે સમતા રસમાં આ લોકોને બહુમાન કેમ થવાનું ?.૨

સૂત્રધાર—આર્યે, જુગતું અજુગતું જેવું તું બોલે છે.

શમતા સ્વાદ અજ્ઞાની, શૃંગારે મન રાચતાં;
સુણે ના ગાન અદ્દભૂત, ગોપગાન જ વાંચ્છતા.

શ્લોકાર્થ—શમતાના સ્વાદને ન જાણનારનું મન શૃંગારથી રંજીત થાય છે જેમકે જેણે અદ્દભુત ગાન સાંભળ્યું નથી તેને ગોવાળ લોકોના ગાનથી આનંદ થાય છે. ૩

( નેપથ્યમાં )

( ધવલ મંગલ ગીતોનો સ્વર તથા પાંચ જાતિના સ્વરોવાળાં વાજીંત્રોનો અવાજ સંભળાય છે )

સૂત્રધાર—( સાંભળીને ) આર્ય ! આ રીતે સર્વ વિશ્વના ઉદરને પૂરી નાંખતો મંગળસૂચક અવાજ કાને આવે છે, તેથી રાજીમતીની સાથે લગ્ન કરવા સારૂ શ્રી નેમિનામ કુમાર સમુદાયમાં આવતા હોય તેમ લાગે છે. માટે ચાલ, આપણે આંખોને આનંદકારી મંગળ સૂત્રને ધારણ કરનાર શ્રી નેમિકુમારને જોઇએ.

( બન્ને બહાર ચાલ્યા જાય છે )

**પ્રસ્તાવના.**

( પછી આગળ ચાલતો શ્રી સમુદ્રવિજય અને બીજા રાજાઓથી શોભતા, તથા શિવાદેવી પ્રમુખ સ્ત્રીજનોથી જેનાં ગીતો ગવાતાં હતાં તેવા રથમાં બેઠેલા અને મસ્તકે છત્ર ધરાયેલ શ્રી નેમિકુમાર પ્રવેશ કરે છે )

શ્રીનેમિ—( આગળ જોઇને સારથી પ્રત્યે )–હે સારથિ ! પેલું મંગળ ઉપચારવાળું ધવલ મંદિર કોનું છે ?

સારથી—( આંગળી વડે દેખાડતો )

એતો આપના સસરા, ઉગ્રસેન–મહેલ છે,
ગોખથી આપને નિર્ખે, તન્વંગી બે સુહાસિની.

શ્લોકાર્થ—આપના સસરા ઉગ્રસેન રાજાનો તે મહેલ છે અને પેલા ગોખમાં બેઠેલી હસતા મુખ વાળી બે કોમલાંગીઓ આપને જોયાં કરે છે. ૧

( પછીથી મહેલના ગોખમાં બેઠેલી બે સ્ત્રીઓ પ્રવેશ કરે છે )

એક:—( નેમિકુમારને જોઇને આનંદ સાથે ) સખિ ચંદ્રાનના !

વનિતા વૃંદે એકજ, આ રાજીમતી ઉત્તમ ગુણવાળી;
રૂપનિધિ નેમિ જેને, વરશે અતિ મંગળકારી.

ગાથાર્થ—આખા સ્ત્રી વર્ગમાં એકલી રાજીમતી જ પ્રશંસનીય ગુણોવાળી છે કે જેનું પાણિગ્રહણ લાવણ્યના ભંડાર શ્રી નેમિકુમાર કરશે. ૨.

ચંદ્રાનના—સખિ મૃગલોચના !

રંભાનું રૂપ હરતું, રાજિમતીરૂપ નિર્મી બ્રહ્માએ;
અવર ન મનહર નિર્મ્યું, જેથી કદિએ જશ હીણો થાયે.

ગાથાર્થ—રંભાના રૂપને હરનારૂં રાજીમતીનું રૂપ બનાવીને વિધિ પણ આના જેવી બીજી સ્ત્રીને બનાવી–નિર્મી ન શક્યો. કારણ કે ખરેખર તેથી તે અપજશવાળો થઈ જાય. ૩.

ચંદ્રાનના—(પાછળથી જોઇને ઉત્સુકતાથી) હે મૃગલોચના ! માંગલિક વાજિંત્રોનો અવાજ સુણીને જો કે પોતાની માતા ગૃહમાં હોવા છતાં પણ (માતાની શરમ ન રાખી) પ્રિય સખી રાજીમતી પ્રિય પતિના દર્શનની ઉત્કંઠાથી અહીં આવી પહોંચી !

( રાજીમતી પ્રવેશ કરે છે ).

રાજીમતી—(અભિલાષા સાથે) સખીઓ ! આ કોઇકના પણ મહોત્સવના દર્શનરૂપી દાનથી મારા ઉપર કૃપા કરો–મને તે જોવા દ્યો.

સખીઓ—તેમ કરીએ તો ઇનામ તું શું આપીશ ?

રાજીમતી—(જોર કરી તેઓની વચ્ચે ઉભી રહી શ્રી નેમિકુમારને જોઇને આનંદ સાથે પોતાના મનમાં બોલી ).

શું આ નાગકુમાર, કામદેવ, કે સુંદર સુરપતિ છે?
કાં મુજ પુણ્યનો પુંજ, તાદશ મૂર્ત્તિમંત એતો.

ગાથાર્થ—શું આ કોઈ પાતાળકુમાર કે કામદેવ અથવા તો દેવતાના અધિપતિ ઇંદ્રિ છે? ખરેખર આ તો મારા પુણ્યનો ઢગલો એકત્ર થઈ મૂર્ત્તિ રૂપે ઉભેલો છે. ૪.

( વળી પણ )

જે વિધિએ નિર્મ્યો આ, પતિ અનુપમ સૌભાગ્ય તણા નિધિને,
ધન્યવાદ શા અર્પું, ન્યોછાવર મુજ આત્મ કરૂં તેને.

ગાથાર્થ—નિરૂપમ સૌભાગ્યના ભંડાર એવા પતિને જે વિધિએ મારા માટે નિર્માણ કરેલા છે, તે વિધિને હું શું શું કરૂં? (મારા) આત્માનો પણ ન્યોછાવર કરૂં. ૫.

ચંદ્રાનના—(રાજીમતી તરફ જોઇને હસીને) મૃગલોચના! જો જો.

નેમિકુંવરને નિર્ખી, પ્રિય સખિ હાવાં, કોને નવ નિર્ખે;
તેને પરણી કે પછી તો નવ ઓળખશે તે આપણને.

ગાથાર્થ—તેમને જોયા પછી વ્હાલી સખી હવે બીજા કોઇ મનુષ્ય પ્રતિ નજર નાખતી નથી તો પછી તેમની સાથે પરણ્યા પછી તો આપણી પણ ઓળખાણ નહિ રાખે. ૬.

સખી—

ભલે નહી ઓળખતી, થઇશું રાજી અતિ૰ એટલેથી,
જો આ પ્રિયસખિનો કદિ, મંગલ કર શ્રી નેમિ ધરશે.

ગાથાર્થ—ભલેને તે સખિ આપણી ઓળખાણ ન રાખે-આપણને ભૂલી જાય છતાંય જો તે નેમિકુમાર વ્હાલી સખિનું પાણિગ્રહણ કરે તો એટલાથી પણ આપણને સંતોષ છે. ૭

( નેપથ્યમાં )

( વનવાસી પશુઓનો કરૂણ સ્વર સાંભળી )

નેમિકુમાર—( કંપારી ખાઇને ) હો હો દારૂક! કાનના પડદાને ફાડી નાંખનાર આવો દુખદાયક સ્વર શાનો છે?

સારથી—

સમીપ લગ્ને સ્નેહીનું, કરવા ગૌરવ માંસથી,
કર્યાં ભેગા પ્રભો! અત્ર, આ ભીરૂ પ્રાણીઓ બધાં. ૮

શ્લોકાર્થ—હે પ્રભુ! નજદીકના વિવાહપ્રસંગમાં પોતાનાં સગાં સંબંધીઓનું ગૌરવ માંસવડે કરવા આ બાપડા પશુઓને અહીં એકઠા કરેલાં છે. ૮.

નેમિકુમાર—(મનમાં)

અરે આ કેમ સુણાયે! મલિન ચિત્તના લોકતણી કરણી;
જે નિજ ઉત્સવ ઉજવે, અન્ય જીવોને પીડા આપીને. ૯

ગાથાર્થ—અરેરે! જેઓ બીજા પશુઓના અનુત્સવ-દુઃખ વડે પોતાનો ઉત્સવ ઉજવે એવા અપવિત્ર ચિત્તવૃત્તિવાળાનું ચરિત્ર સાંભળી શકાય તેવું નથી. ૯

રાજીમતી—( જમણી આંખનું ફરકવું નાટયથી બતાવીને ) અરે ધિક્કાર હે સખીઓ, શા કારણથી મારી ડાબી? ( જમણી ) આંખ ફરકે છે?

સખીઓ—તારૂં અમંગલ ટળી જાઓ.

( સખીઓ થુ થુ કરે છે. )

નેમિકુમાર—( મોટેથી ) હે! સારથી! રથને અહીંથી તે તરફ ફેરવ.

સારથી—આપની આજ્ઞા પ્રમાણ છે-જેવો આપનો હુકમ.

( પછીથી પશુઓ પ્રવેશ કરે છે )

( તેઓમાં એક હરિણ છે )

હરિણ—(શ્રી નેમિનાથને જોઈ પોતાની ડોક હરિણીની ડોક પર મુકી બીક અને ઉત્સુકતાથી બોલે છે)

ના, ના માર! કદાપિ! હૃદયહારિણી મુજ પ્રિય હરણીને;
સ્વામી! મરણ થકી પણ, દુસ્સહ વિરહ પ્રેમીજનને. ૧૦

ગાથાર્થ—મારા હૃદયને હરનારી આ હરિણીને મા માર, મા માર,-હે સ્વામિ! આજે (મારૂં) મરણ થાય તેના કરતાં પણ પ્રિયતમાનો વિરહ (સાંપડે એ) વધારે દુઃસહ છે. ૧૦

હરિણી—(નેમિકુમારનું મુખ જોઈ હરણ પ્રતિ)

શાન્ત વદન ત્રિભુવનના સ્વામિ ને આ નિષ્કારણ બંધુ,
વિનવો વલ્લભ તેને, સહુ જીવોનું રક્ષણ કરવા. ૧૧

ગાથાર્થ—આ પ્રસન્ન મુદ્રાવાળા ત્રણ ભુવનના સ્વામિ છે અને નિષ્કારણ બંધુ છે તેથી હે વ્હાલા! સર્વ જીવોની રક્ષા કરવા સારૂ તેમને વિજ્ઞપ્તિ કરો. ૧૧

હરિણુ—(મુખ ઉંચું કરીને)

નિર્ઝરનું જળ પીતાં, વન તૃણુખાતાં, પ્રાણી વનવાસી;
અમ નિર્દોષી કેરૂં, જીવન રક્ષ ! રક્ષજ ! સ્વામી ! ૧૨

ગાથાર્થ—હે પ્રભુ ! ઝરણાંનું પાણી પીનારા, જંગલનું ઘાસ ખાનારા, અને વનમાં રહેનારા એવા અમો નિરપરાધ પશુઓની જીંદગીનું રક્ષણ કરો, રક્ષણ કરો. ૧૨

એ પ્રમાણે સર્વ પશુઓ પોકાર કરે છે.

નેમિકુમાર—થોડુંક ચાલી અવલોકન કરી, પશુઓના પહેરેગીરો પ્રતિ.

મારા લગ્ને તમ સ્વામી, હણુશે આ સૌને ખરે,
હું કરીશજ ના લગ્ન, તેથી છોડો પશુ બધાં. ૧૩

શ્લોકાર્થ—આપના રાજા મારા વિવાહમાં આ પશુઓનો વધ કરશે, તેથી હું વિવાહ કરીશ નહીં, માટે મૃગોને છોડી મુકો, છોડી મુકો. ૧૩

( પહેરેગીરો તે પ્રમાણે કરે છે. )

નેમિકુમાર—સારથિ ! આપણા મહાલય તરફ રથને ઝટ પાછો ફેરવ.

સિંચેલું પશુરક્તેથી વિવાહ-વિષ વૃક્ષ જે,
ફળ દે દુર્ગતિ કેરૂં, તે ના છે મુજ કામનું. ૧૪

શ્લોકાર્થ-પશુઓના લોહીથી સિંચાયેલ આ વિવાહ રૂપી વિષવૃક્ષ જે દુર્ગતિ રૂપ ફલ આપે છે, તેનું મારે હવે કંઇપણ કામ નથી. ૧૪

સારથી—જેવો દેવનો આદેશ.

(તે પ્રમાણે કરે છે)

સમુદ્રવિજય રાજા, શિવાદેવીય તે પળે,
સજનો સાથ સામે જૈ, રથને શીઘ્ર રોકતાં. ૧૫

શ્લોકાર્થ—તેજ પળે સમુદ્રવિજય રાજા, તથા શિવાદેવી રાણી પોતાનાં સગાંઓ સાથે આગળ જઇ ઉભા રહી તે રથને શીઘ્ર રોકે છે. ૧૫

રાજીમતી—હા દૈવ ! આશું થયું ?

( મુર્ચ્છા ખાય છે )

સખીઓ—હે સખી ! આશ્વાસન લે, આશ્વાસન લે.

(ચંદન વિગેરે શીતળ વસ્તુઓનો અભિષેક કરે છે.)

રાજીમતી—(આશ્વાસન લઇ આંસુ સાથે અને મોટે સાદે)

હા ! જાદવકુલ દિનકર ! નિરૂપમજ્ઞાની પ્રિયતમ જગશરણા;
હે ! કરૂણાકર સ્વામી ! કયાં ચાલ્યા તરછોડી મુજને ?

ગાથાર્થ—હા ! યાદવકુલમાં સૂર્ય ! હા ! નિરૂપમ જ્ઞાનવાળા !, હા ! જગતના શરણુ !, હાં ! કરૂણાની ખાણુ એવા સ્વામી !, મને મુકીને (તમે) કયાં ચાલ્યા ! ૧૫

શિવાદેવી—( આંસુઓ રોકી ગદ્‌ગદ્‌ સ્વરે )

હે જનની-વત્સલ ! મુજ, પ્રથમ વિનતિ વત્સ ! ઉરે ધારો
લગ્ન કરી અમને દ્યો, વધૂ-મુખ-દર્શનનો લ્હાવો. ૧૬

ગાથાર્થ—હે માતા પ્રત્યે વાત્સલ્યવાળા વત્સ ! પહેલ વહેલીજ કાંઈ પ્રાર્થના કરૂં છું કે પાણિગ્રહણ કરી મને નિજ વહુનું મુખ બતાવ. ૧૬

ચંદ્રાનના—પોતાના પ્રિય જનમો, માતા પ્રતિ કહેલ કાનને રસાયન જેવો જવાબ તું સાંભળ.

રાજીમતી—સાવધાન છું.

નેમિકુમાર—

તજો આગ્રહ હે માતા, લોકસ્ત્રી પર ચિત્ત ના;
મુક્તિશ્રી—સંગમોત્કંઠ, ઉત્કંઠા મમ ચિત્તની. ૧૭.

શ્લોકાર્થ—હે માતા ! આ આગ્રહને તું છોડી દે. માનુષી સ્ત્રીઓ વિષે મારૂં મન લાગતું નથી. મોક્ષ રૂપી સ્ત્રીનો સંગમ કરવાની ઉત્કંઠાવાળું મારૂં મન તો તે ઉત્કંઠામાંજ રહ્યું છે. ૧૭

રાજીમતી—( ઉંડો નિશ્વાસ નાંખીને ) સાંભળવાનું હતું તે સાંભળ્યું.

હે નિષ્ઠુર ઉર ધૃષ્ટ !, હજી કાં નિર્લજ જીવનને ધારે ?
જ્યારે જગના સ્વામી, પતિ મુજ બીજે રાગથી બંધાયા. ૧૮

ગાથાર્થ—હે લુચ્ચા અને ઘાતકી હૃદય ! તું હજુ સુધી લજ્જા વગરનું બની જીવન ધારી રહ્યું છે. મારા આત્માના પ્રભુ જગતના નાથની પ્રીતિ બીજે સ્થળે બંધાઇ છે. ૧૮.

(તે પ્રમાણે છાતીને કૂટતી બતાવતી તે ફરીથી મૂર્ચ્છા પામે છે)

સખીઓ—હા ! પ્રિય સખી ! પ્રિય સખી !

રાજીમતી—(આશ્વાસન લઇ નેમિનાથને ઉદ્દેશીને ઠપકા સાથે, મોટે સ્વરે)

ધૂર્ત ! હતો જો રાગી, સિદ્ધ સેવિકા મુક્તિ ગણિકામાં;
રચી વિવાહમહોત્સવ, વિડંબના કયમ મારી કીધી ?

ગાથાર્થ—હે ધૂર્ત ! જો સર્વ સિદ્ધોથી ભોગવાયેલી મુક્તિરૂપી ગણિકામાં તું રાગી હતો તો પછી આવી રીતે વિવાહનો આરંભ કરીને તેં મારી કેમ હાંસી કરી ? ૨૦

સખિઓ—(રોષ સહિત)

પ્રેમ વિહોણા આવા, નરમાં પ્રિય સખિ પ્રણય કદિ ન ધરતી,
શોધીશું તુજ કાજે, બીજો પ્રેમી કાન્ત સખિરી ! ૨૧

ગાથાર્થ—હે વ્હાલી સખી ! આવા પ્રેમવગરના પુરૂષ તરફ પ્રેમભાવ મા રાખજે; પ્રેમથી ભરપૂર એવો બીજો કોઇ વર તારા માટે શોધી કાઢશું. ૨૧

રાજીમતી—(હાથવતી બન્ને કાનો બંધ કરી) હે સખી ! તું પણ આવું ન સાંભળવા લાયક શું બોલે છે ?

વિશ્વ નિયમને છોડી, દિનકર પણ જો પશ્ચિમમાં ઉગશે;
નેમિનાથ નરપુંગવ, ત્યાગી હૃદય અવર ન વરશે. ૨૨

ગાથાર્થ—જો કોઇ રીતે પશ્ચિમ દિશામાં સૂર્યનો ઉદય થાય તો પણ નેમિનાથ સિવાય બીજા કોઇને હું મારો પતિ કરૂં નહિં. ૨૨

[ અને વળી ]

લગ્ન સમે યદિ મુજકર, તેના હસ્તમહીં ના મૂકાયો,
તોપણ દીક્ષા સમયે, મુજ શિરપર તે હસ્તજ મૂકાશે.૨૩

ગાથાર્થ—વિવાહમાં જો કે ખરેખર તેમના હસ્તમાં મારો હાથ ન મૂકાયો છતાં પણ દીક્ષા સમયે મારા મસ્તક ઉપર તેમનો હાથ મુકાશે. ૨૩

ચંદ્રાનના—બહુ સારૂં પ્રિય સખી ! બહુ સારૂં. તારો જન્મ સફળ થયેલ છે કારણકે ત્રણ લોકના રાજ્યથી દુર્લભ એવી સતી તરીકેની (તારી) નામના થશે, (પોતાના ઉત્તરીય વસ્ત્રનો છેડો ઉતારે છે અને નીચે પ્રમાણે બોલે છે.

એક પક્ષી જે પ્રેમ, સદા કષાયી દાડિમફળ જેવો,
બિજ પાકયા વિણ જગમાં, નહિ થાય કદી તે રસવંતું.૨૪

ગાથાર્થ—દાડિમના ફળ માફક એક તરફી પ્રેમ કષાયવાળો હોય છે. જ્યાંસુધી બીજ પાકતું નથી ત્યાં સુધી તે રસવાળું થતું નથી. ૨૪

( તેમ સાંભળીને )

રાજીમતી—સખીઓ, અહીં બહુજનવાળા સ્થાનમાં હું રહી શકતી નથી માટે ધવલગૃહની અંદર પ્રવેશ કરીએ.

(બન્ને સખીઓ સાથે તેણી બહાર ચાલી નીકળી)

સમુદ્રવિજય—(આજીજીપૂર્વક) હે વત્સ ! વિવાહના ઉત્સવથી અમારા મનોરથો પૂર્ણ કર. હાલનો અભિનિવેશ-મનનો ખ્યાલ તું મૂકી દે અને પરમાર્થ વૃત્તિથી સદ્‌વિચારવાળાં વચનો બોલ. (કારણકે)

કર્યાં લગ્ન ઋષભાદિ, મુક્તિ તોય વર્યાં હતા,
કુમાર બ્રહ્મચારી થૈ, થશે ઉચ્ચ શું તેહથી ? ૨૫

શ્લોકાર્થ—ઋષભાદિ જિનેશ્વરોએ વિવાહ કર્યા હતા અને (છતાં તેઓ) મોક્ષે ગયા હતા, તો પછી બાલ બ્રહ્મચારી તરીકે તારે કયું ઉચ્ચું પદ લેવાનું છે ? ૨૫

નેમિનાથ—(હસીને) ભોગરૂપી ફળ જેનાં ક્ષીણ થયેલાં છે, એવાં કર્મવાળો હું છું તેથી મને આવી રીતની વિચારમાળા અવળે રસ્તે લઇ જઈ નહિ શકે. પરંતુ વિવિધ જાતના બીજી રીતના ઉત્સવોથી હું આપના મનોરથો પૂર્ણ કરીશ.

સ્ત્રીના એકજ સંભોગે, ઘાત જીવ અનંતનો,
ભવ પરંપરા વૃદ્ધિ, એવા લગ્ને શું આગ્રહ ? ૨૬

શ્લોકાર્થ—સ્ત્રીના એક સંભોગથી અનંત જંતુઓનો-જીવોનો નાશ થાય છે અને ભવની પરંપરા વધે છે તેવા વિવાહમાં આપનો આગ્રહ શા સારૂ હોઇ શકે ?

(નેપથ્યમાં)

જય હો! કામ વિજેતા! જન્તુને અભયપ્રદ!
પ્રવર્તાવો પ્રભો! તીર્થ, નિત્ય ઉત્સવ કારણે. ૨૭

શ્લોકાર્થ--કામદેવને જીતનાર જય હો! પ્રાણી માત્રને અભય આપનાર (એવા આપનો) જય હો. હે નાથ! સર્વદા ઉત્સવોના અવતારને માટે-ઉત્સવો સાંપડે તે માટે તીર્થ પ્રવર્ત્તાવો. ૨૭

સમુદ્રવિજય—શું સારસ્વત આદિ લોકાંતિક દેવતાઓ દીક્ષા સમય થયો છે તેની જાણ કરવા સારૂ શ્રી નેમિનાથ જિનના ચરણ પાસે આવે છે કે?

(પછીથી દેવતાઓ આવે છે અને શ્રી નેમિનાથ ભગવાનને નમસ્કાર કરી રાજા તથા રાણી પ્રત્યે કહે છે)

દેવતાઓ—આનંદના ઉદય પ્રસંગે વિષાદરૂપી કંદમાંથી આવા કઇ જાતના ફણગા આપને ફુટી નીકળ્યા? સર્વ પ્રકારે આપ કૃતાર્થ છો કારણકે આપનો પુત્ર શ્રી નેમિનાથ વાર્ષિક દાન આપ્યા પછી તીર્થ પ્રવર્તાવવા રૂપી મહાન ઉત્સવ વડે ત્રણ ભુવનના લોકને આનન્દ આપશે.

(સર્વે હર્ષ બતાવે છે)

દેવો—આપનું બીજું વિશેષ પ્રિય શું કરીએ?

સમુદ્રવિજય--(હર્ષપુર્વક)

નેમિ, તીર્થ પ્રવર્તાવી, વિશ્વ આનન્દ આપશે.
અમ સ્તુતિ કીધી દેવે, આથી ત્યાં શું વધુ પ્રિય? ૨૮

શ્લોકાર્થ—શ્રી નેમિકુમાર તીર્થ પ્રવર્ત્તાવી વિશ્વને આનંદ પમાડશે (તેથી) દેવતાઓએ અમારાં વખાણ કર્યાં છે તો પછી એનાથી વિશેષ પ્રિય (અમને) શું હોઇ શકે?

દેવો—એ રીતેજ તથાસ્તુ.

શાર્દુલ.

થાજો દેવ શુભંકરા જલદ સૌ, વર્ષા સમે વર્ષજો;
રાજાઓ જયવંત નીતિશીલ થઇ, પૃથ્વી સદા ધારજો.
શ્રીશાળી સૂરિઓ તણા કવનમાં, મેધા અતિ દીપજો;
કાવ્યોનો મધુ સ્વાદ સૌ સુજનને, આનંદકારી થજો.૨૯

અર્થ--દેવતાઓ શુભના કરનારા થાઓ! વાદળો પોતાના સમયાનુસાર વરસાદની વૃષ્ટિ કરો! રાજાઓ જયવંત રહીને ન્યાયપરાયણ થઈ પૃથ્વીને દીર્ઘકાળ સુધી ધારણ કરો! અતિ શ્રીવાળા સૂરિઓ-આચાર્યો કવિતા પ્રધાન બુદ્ધિવાળા થાઓ! અને સજ્જનો કાવ્યના સ્વાદથી આવતા રસવડે પ્રસન્ન વદનવાળા થઈ આનંદ પામો! ૨૯

# ચિદાનંદજીકૃત સ્વરોદયજ્ઞાન.

## [એક મહાપુરૂષની અપ્રકટ નોંધમાંથી]

૧. છપ્પયમાં અર્હત્ સ્તુતિ છે. ૨ છપ્પયમાં સરસ્વતિની સ્તુતિ છે. પછી દોહા આવે છે. ૩ સરસ્વતિને વચનવિલાસ દેવા વિનતિ, ૪-૮ સિદ્ધસ્તુતિ ૯-૧૦ ગ્રંથનો હેતુ, ૧૧-૧૨ નાડી વર્ણન, ૧૨-૧૫ નાડીસ્થાન, ૧૬-૧૮ સ્વર ઓલખાણ, ૧૯-૨૨ ચલ સ્થિર કાર્યવિચાર ૨૩-૨૪ વાર વિચાર ૨૫-૨૯ પક્ષાદિફલ ૩૦-૩૨ રાશીના સ્વામી, ૩૩ માસના સ્વામી ૪૭-૫૫ પ્રાણાયામ. ૫૬-૫૭ પ્રાણાયામના ૭ પ્રકાર, ૫૮-૫૯ સાતેની ટુંકામાં વ્યાખ્યા, ૬૦ લીનતાના બે ભેદ ૬૧-૬૩ યોગબીજસંચાર કરવાની વિધિ ૬૪-૬૮ પંચ વાયુના બીજ અને તેના ભિન્ન ભિન્ન ગુણ ૯૯-૧૦૪ કેવા ગુણોથી ધ્યાન સહજગતિ આવે?

રાત્રિ દિન ધ્યાન વિષયમાં ઘણો પ્રેમ લગાવ્યાથી યોગ રૂપી અગ્નિ (કર્મને બાળી દેનાર-માટે ઉપમા) ઘટમાં જગાવે (એ જાણે ધ્યાનનું જીવન) હવે તે વિના તેનાં બીજાં સાધન બોધે છે. થોડો આહાર, અને આસનનું દ્રઢપણું કરે (પદ્મ, સિદ્ધ, વીર કે ગમે તે-જેથી મનોગતિ વારંવાર ન ખેંચાય તેવું આસન આ સ્થળે સમજાવ્યું છે.)-એ પ્રમાણે આસનનો જય કરી નિદ્રાનો પરિત્યાગ કરે-અહીં 'પરિત્યાગ'થી દેશ-પરિત્યાગ સમજાવ્યો છે, યોગને

જે નિદ્રાથી બાધા થાય છે-તે નિદ્રા-અર્થાત્ પ્રમત્ત પણાનું કારણ-દર્શનાવરણીની વૃદ્ધિ ઈત્યાદિકથી ઉત્પન્ન થતી અથવા અકાળિક નિદ્રા તેનો ત્યાગ.

૩૪૨-૩૬૪ સ્વરજ્ઞાનનાં સાધન, ગુરૂગમથી ભેદ-પ્રાપ્તિ, અમુક ક્રિયા અમુક સ્થિતિમાં કરવાની વાત. અમુક સ્વર વગેરેનાં ફલ.

૩૭૨ નિર્વાણનાં સાધન ૩૭૨-૩૭૬ અબુધે બુધે માનેલું તેનું સ્વરૂપ, ૩૭૭-૩૭૮ યથાર્થ માર્ગની એ પર શિક્ષા. ૩૮૧-૪૦૪ આત્મોપદેશ.

(આમાંના કેટલાકપર વિવેચન કરેલું છે તે નીચે પ્રમાણે:—)

રૂપાતીત વીતિત મલ, પુર્ણાનંદી ઈશ,
ચિદાનંદ તાકું નમત, વિનય સહિત નિજ શીશ. ૮

—રૂપથી રહિત, કર્મરૂપી મેલ જેનો નાશ પામ્યો છે, પુર્ણ આનંદના જે સ્વામી છે; તેને ચિદાનંદજી પોતાનું મસ્તક નમાવી વિનય સહિત નમસ્કાર કરે છે.

રૂપાતીત—એ શબ્દથી પરમાત્મદશા રૂપરહિત છે એમ સૂચવ્યું. વીતિતમલ—એ શબ્દથી કર્મનો નાશ થવાથી તે દશા પ્રાપ્ત થાય છે એમ સૂચવ્યું. પુર્ણાનંદી ઇશ-એ શબ્દથી તે દશાના સૂખનું વર્ણન કર્યું કે જ્યાં સંપૂર્ણ આનંદ છે; તેવું સ્વામીત્વ એમ સૂચવ્યું. રૂપ રહિત તો આકાશ પણ છે; એથી કર્મમલ જવાથી આત્મા જડરૂપ સિદ્ધ થાય-એ આશંકા જવા કહ્યું કે તે દશામાં આત્મા પુર્ણાનન્દનો ઇશ્વર છે; અને એવું તેનું રૂપાતિતપણું છે. ચિદાનંદ તાકું નમત—એ શબ્દ વડે પોતાની તે પર નામ લઇને અનન્ય પ્રીતિ દર્શાવી-સમુચ્ચયે નમસ્કાર કરવામાં જે ભકિત તેમાં નામ લઈ પોતાનું એકત્વ દર્શાવી વિશેષ ભકિતનું પ્રતિપાદન કર્યું. વિનયસહિત-એ શબ્દથી યથાયોગ્ય વિધિનો બોધ કર્યો. ભકિતનું મૂળ વિનય છે, એમ દર્શાવ્યું. નિજ શીશ-એ શબ્દથી દેહના સઘળા અવયવોમાં મસ્તક એ શ્રેષ્ટ છે; અને એના નમાવવાથી સર્વાંગ નમસ્કાર થયો તેમજ શ્રેષ્ટ વિધિ મસ્તક નમાવી નમસ્કાર કરવાની છે; એમ સૂચવ્યું, નિજ-શબ્દથી આત્મત્વ જૂદું દર્શાવ્યું, કે મારા ઉપાધિજન્ય દેહનું જે ઉત્તમાંગ તે. ૮.

કાલ જ્ઞાનાદિક થકી, લહિ આગમ અનુમાન,
ગુરૂ કરૂણા કરી કહત હું, શુચિ સ્વરોદય જ્ઞાન. ૯

કાળજ્ઞાન નામના ગ્રંથ વગેરેથી, જૈન સિદ્ધાંતમાં કહેલા બોધનાં અનુમાનથી; અને ગુરૂની કૃપાના પ્રતાપવડે કરીને સ્વરોદયનું પવિત્ર જ્ઞાન કહું છું.

કાળજ્ઞાન એ નામનો અન્ય દર્શનમાં આયુષ્ય જાણવાનો બોધ કરનારો ઉત્તમ ગ્રંથ છે-અને તે શિવાયના આદિ શબ્દથી બીજા ગ્રંથનો આધાર પણ લીધો છે એમ કહ્યું. આગમ અનુમાન-એ શબ્દથી એમ દર્શાવ્યું કે જૈનશાસ્ત્રમાં આ વિચારો ગૌણતાએ દર્શાવ્યા છે, તેથી મારી દૃષ્ટિએ જ્યાં જ્યાં જેમ બોધ લીધો તેમ તેમ મેં દર્શાવ્યું છે. મારી દૃષ્ટિ તે અનુમાન છે; કારણ હું આગમનો પ્રત્યક્ષ જ્ઞાની નથી. એ હેતુ. ગુરૂ કરૂણા-એ શબ્દોથી એમ કહ્યું કે કાળ જ્ઞાન અને આગમના અનુમાનથી કહેવાની મારી સમર્થતા ન થાત; કારણ તે મારી કાલ્પનિક દૃષ્ટિનું જ્ઞાન હતું-પણ તે જ્ઞાનનો અનુભવ કરી દેનારી જે ગુરૂ મહારાજની કૃપાદૃષ્ટિ.

સ્વરકા ઉદય પિછાનિયે, અતિ થિરતા ચિત ધાર,
તાથિ શુભાશુભ કીજિયે, ભાવી વસ્તુ વિચાર ૧૦

—ચિત્તની અતિશય સ્થિરતા ધારણ કરીને ભાવી વસ્તુનો વિચાર કરી 'શુભાશુભ' એ (કરવું)

અતિ થિરતા ચિતધાર-એ વાકયથી ચિત્તનું સ્વસ્થપણું કરવું જોઈએ ત્યારે સ્વરનો ઉદય થાય-યથાયોગ્ય એમ સૂચવ્યું. શુભાશુભ ભાવી વસ્તુ વિચાર-એ શબ્દથી એમ સૂચવ્યું કે તે જ્ઞાન પ્રતિતભૂત છે-અનુભવ કરી જુઓ. ૧૦

હવે વિષયનો પ્રારંભ કરે છે.

નાડી તો તનમાં ઘણી, પણ ચોવિસ પ્રધાન,
તામે નવ પુનિ તાહુમે, તીન અધિક કર જાન. ૧૧

—શરીરમાં નાડી તો ઘણી છે, પણ ચોવીસ તે નાડીઓમાં મુખ્ય છે; તેમાં વળી નવ મુખ્ય અને તેમાં પણ વિશેષ તો ત્રણ જાણ. ૧૧

હવે તે ત્રણ નાડીનાં નામ કહે છે.

ઈંગલા પિંગલા સુષમનાં, એ તીનો કે નામ,
ભિન્ન ભિન્ન અબ કહત હું, તાકે ગુણ અરૂ ધામ. ૧૨

—ઈંગલા, પીંગલા, સુષુમણા એ ત્રણ નાડીનાં નામ છે, હવે તેના જૂદા જૂદા ગુણ અને રહેવા સ્થળ કહું છઉં.૧૨

અલ્પાહાર નિદ્રા વશ કરે, હેત સ્નેહ જગથી પરિહરે;
લોકલાજ નવિ ધરે લગાર, એક ચિત્ત પ્રભુથી પ્રિત ધાર. ૮૨

—અલ્પ આહાર કરનાર, નિદ્રાને વશ કરનાર એટલે નિયમિત નિદ્રાનો લેનાર, જગતનાં હેત પ્રીતથી દૂર રહેનાર; (કાર્યસિદ્ધિથી પ્રતિકૂળ એવા) લોકની લજ્જા જેને નથી; ચિત્તને એકાગ્ર કરીને પરમાત્મામાં પ્રીતિ ધરનાર. ૮૨

આશા એક મોક્ષની હોય, બીજી દુવિધા નવિ ચિત્ત કોય,
ધ્યાન જોગ જાણો તે જીવ, જે ભવદુઃખથી ડરત સદીવ૮૩

—મોક્ષ સિવાયની સર્વ પ્રકારની આશા જેણે ત્યાગી છે, અને સંસારના ભયંકર દુઃખથી નિરંતર જે કંપે છે, તેવા આત્માને ધ્યાન કરવાને યોગ્ય જાણવો. ૮૩

પરનિંદા મુખથી નવિ કરે, નિજ નિંદા સુણી સમતા ધરે,
............

—પોતાનાં મુખથી જેણે પરની નિંદાનો ત્યાગ કર્યો છે, પોતાની નિંદા સાંભળીને જે સમતા ધરી રહે છે; સ્ત્રિ, આહાર, રાજ, દેશ ઇત્યાદિક સર્વ કથાનો જેણે છેદ કર્યો છે; અને કર્મને પ્રવેશ કરવાના દ્વાર જે અશુભ મન, વચન, કાયા તે જેણે રોકી રાખ્યાં છે. ૮૪

હરખ શોક હિરદે નવ આણે, શત્રુ મિત્ર બરાબર જાણે;
પરઆશા તજ રહે નિરાશ, તેથી હોવે ધ્યાન અભ્યાસ૮૫

*　*　*　*

ધ્યાનાભ્યાસી જે નર હોય, તાકું દુઃખ ઉપજે નવિ કોય;
ઈંદ્રાદિક પૂજે તસ પાય, રિદ્ધિ સિદ્ધિ પ્રગટે ઘટઆય૮૬

*　*　*　*

મેરા મેરા મત કરે, તેરા નહિં હૈ કોય;
ચિદાનંદ પરિવારકા, મેલા હૈ દિન દોય. ૩૮૧

ચિદાનંદજી પોતાના આત્માને ઉપદેશે છે કે રે જીવ! મારૂં મારૂં નહીં કર; તારૂં કાંઇ નથી. હે ચિદાનંદ! પરિવારનો મેળ બે દિવસનો છે. ૩૮૧

ઐસા ભાવ નિહાર નીત, કીજે જ્ઞાન બિચાર;
મિટે ન જ્ઞાન બિચાર બિન, અંતરભાવ વિકાર. ૩૮૨

—એવો ક્ષણિક નિરંતર જોઇને હે! આત્મા! જ્ઞાનનો વિચાર કર. જ્ઞાન વિચાર કર્યા વિના (માત્ર એકલી બાહ્ય ક્રિયાથી) અંતરમાં ભાવકર્મના રહેલા વિકાર મટતા નથી. ૩૮૨

જ્ઞાન રવી વૈરાગ્ય જસ, હિરદે ચંદ સમાન,
તાસ નિકટ કહો કયોં રહે, મિથ્યાતમ દુઃખ જાન.૩૮૩

—જીવ! સમજ કે જેના હૃદયમાં જ્ઞાનરૂપી સૂર્યનો પ્રકાશ થયો છે, અને જેના હૃદયમાં વૈરાગ્યરૂપી ચંદ્રનો ઉદય થયો છે તેના સમીપ કેમ રહે—શું? મિથ્યાભ્રમરૂપી અંધકારનું દુઃખ. ૩૮૩

જૈસે કંચુક ત્યાગ સૈં, વિનસત નાહિ ભુજંગ,
દેહ ત્યાગસેં જીવ પુનિ, તૈસે રહત અભંગ. ૩૮૬

—જેમ કાંચળીનો ત્યાગ કરવાથી સર્પ નાશ પામતો નથી; તેમ દેહનો ત્યાગ થવાથી જીવ પણ અભંગ રહે છે. (એટલે કે નાશ પામતો નથી.)

અહીં દેહથી જીવ ભિન્ન છે; એમ સિદ્ધતા કરે છે. કેટલાક આત્માઓ દેહ અને જીવની ભિન્નતા નથી, દેહનો નાશ થવાથી જીવનો નાશ થાય છે, એમ કહે છે તે માત્ર વિકલ્પરૂપ છે; પણ પ્રમાણભૂત નથી. કેમ? કે તેઓ કાંચળીના નાશથી સર્પનો નાશ થયો સમજે છે. અને પ્રત્યક્ષ છે કે સર્પનો નાશ કાંચળીના ત્યાગથી નથી. તેમજ જીવને માટે છે; દેહ છે તે જીવની કાંચળી છે—કાંચળી જ્યાં સુધી સર્પના સંબંધમાં છે, ત્યાં સુધી જેમ સર્પ ચાલે છે, તેમ તેની સાથે ચાલે છે; તેની પેઠે વળે છે; અને તેની સર્વ ક્રિયા સર્પની ક્રિયાને આધિન છે. સર્પે તેનો ત્યાગ કર્યા પછી એમાંની એકકે ક્રિયા કાંચળી કરી શકતી નથી. જે ક્રિયામાં પ્રથમ તે વર્ત્તતી હતી, તે ક્રિયા માત્ર સર્પની હતી; એમાં કાંચળી માત્ર સંબંધરૂપ હતી એમજ દેહ પણ જેમ જીવ કર્માનુસાર ક્રિયા કરે છે, તેમ વર્તે છે; ચાલે છે; બેસે છે; ઉઠે છે; એ બધું જીવરૂપ પ્રેરકથી છે; તેનો વિયોગ થયા પછી કંઇ નથી.

# તત્ત્વાર્થસૂત્રનું કર્તૃત્વ

સુન્દર અને સરલ ગીર્વાણ ગિરામાં લગભગ ૨૦૦ શ્લોક જેટલા પ્રમાણવાળાં આશરે ૧૩૫૦ સૂત્રો ગૂંથીને જે ગ્રન્થ દ્વારા જૈન તત્ત્વજ્ઞાનનો યથેષ્ટ પ્રકાશ પાડવામાં આવ્યો હોય તે ગ્રન્થ સમસ્ત જૈન સમાજમાં આદરણીય બને એમાં નવાઈ જેવું નથી. તેમાં પણ વળી જ્યારે આ ગ્રન્થ પ્રાચીન સમયની કૃતિ તરીકે સુપ્રસિદ્ધ હોય અને તેના ઉપર શ્વેતામ્બર અને દિગમ્બર એ બંને જૈન સમ્પ્રદાયોના પ્રખર પણ્ડિતોએ ટીકાઓ રચી હોય ત્યારે આ ગ્રન્થ પોતાનાજ સમ્પ્રદાયના આચાર્યની કૃતિ છે એમ ઓળખાવવા બંને સમ્પ્રદાયો એક બીજા સાથે સ્પર્ધા કરે તે બનવા જોગ છે. પરંતુ એ ધ્યાનમાં રાખવા જેવી વાત છે કે કેવલ સ્પર્ધા કરવાથી કંઇ કાર્ય-સિદ્ધિ થતી નથી. જે સમ્પ્રદાય આ ગ્રન્થને પોતાની કૃતિ તરીકે સિદ્ધ કરવા ઇચ્છિતો હોય, તેણે તેવાં પ્રમાણો સાક્ષર- સમૂહ સમક્ષ રજુ કરવાં જોઈએ. તેમ થતાં જેનાં પ્રમાણો અને યુક્તિઓ ન્યાય દૃષ્ટિએ વિચારતાં અકાટય સિદ્ધ થાય તેનો આ ગ્રન્થ ઠરે.

અત્ર એ ઉમેરવું આવશ્યક સમજાય છે કે આ **તત્ત્વાર્થાધિગમસૂત્ર** નામક ગ્રન્થ શ્વેતામ્બર અને દિગમ્બર એમ બે સમ્પ્રદાયોમાં જૈન સમાજ વિભક્ત બન્યો તે પૂર્વે રચાયો છે.[૨] એટલે આના કર્તા વાચકવર્ય **શ્રી ઉમાસ્વાતિ** ખાસ શ્વેતામ્બર કે ખાસ દિગમ્બર હોવા જોઇએ એમ કહી શકાય નહિ. કેટલાક વિદ્વાનોનો જે આવા પ્રકારનો અભિપ્રાય છે તેના સત્યાસત્ય ઉપર વિશેષ ઉહાપોહ ન કરવામાં આવે તો પણ આ ગ્રન્થનું વલણ કયા સમ્પ્રદાયને વિશેષ અનુકૂળ છે એ તો જરૂરજ નક્કી કરી શકાય.

ત્રણ ચાર મહિના ઉપર શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી જે **તત્વાર્થાધિગમ સૂત્ર**નો પ્રથમ વિભાગ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે તેની પ્રસ્તાવનામાં મેં આ ગ્રન્થનું વલણ શ્વેતામ્બર માન્યતાને વિશેષ અનુકૂળ છે એ વિષયનું દિગ્દર્શન કરાવ્યું છે. આ પૂર્વે આ વિષય પ્રમાણપુરસ્સર કોઇ અન્ય ગ્રન્થમાં પ્રતિપાદન કરવામાં આવ્યો હોય એમ મારા જાણવામાં કે સાંભળવામાં નથી. મારી મન્દ મતિ અનુસાર જે યુક્તિઓ મેં ત્યાં દર્શાવી છે તેની સ્થૂલ રૂપરેખા નીચે મુજબ છેઃ—

ચતુર્થ અધ્યાયના તૃતીય સૂત્રમાં સૂત્રકાર કલ્પોપપન્ન દેવોના બાર વિભાગો સૂચવવાની પ્રતિજ્ઞા કરે છે પરંતુ આ પ્રતિજ્ઞાનું પાલન દિગમ્બરીય ગ્રન્થમાં થતું જોવામાં આવતું નથી કેમકે ત્યાં તો તેના ૧૯ મા સૂત્રમાં ૧૬ ભેદો બતાવ્યા છે, જ્યારે શ્વેતામ્બરીય ગ્રન્થમાં તો તેના બાર ભેદ બતાવ્યા છે એટલે પ્રતિજ્ઞા-ભંગરૂપ દૂષણથી કોણ મુક્ત છે. એ સહેલાઇથી જોઇ શકાય છે.

બીજો મત-ભેદનો વિષય એ છે કે કાલને મુખ્ય દ્રવ્ય તરીકે દિગમ્બરો સ્વીકારે છે, જ્યારે શ્વેતામ્બરો તેને ઔપચારિક માને છે. જો સૂત્રકાર પણ કાલને મુખ્ય દ્રવ્યરૂપે માનતા હોત તો તેના અવગાહના-ક્ષેત્રનો ઉલ્લેખ કરત તેમજ કાલને લગતું સૂત્ર પંચમ અધ્યાયના અન્તિમ ભાગમાં આપ્યું છે તેને બદલે આ અધ્યાયનાં પ્રારમ્ભમાં આપત.

આ ઉપરાંત જિનેશ્વરના ૧૧ પરીષહો પૈકી ક્ષુધા-તૃષા સહન કરવાના પ્રસંગના સંબંધમાં જે યુક્તિઓનો દિગમ્બરોને આશ્રય લેવો પડે છે તેનો ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રી **યશોવિજયે** પોતે રચેલા **અધ્યાત્મમત પરીક્ષામાં** સમૂળ નિરાસ કર્યો છે. આ નિરસનમાં કંઇ દૂષણ ન હોય તો તો સૂત્રકારનું શ્વેતામ્બર-મત અનુસાર કથન છે એમ સૂચન થાય છે.

---

૧ શ્વેતામ્બર મત પ્રમાણે સૂત્રની સંખ્યા ૩૪૪ ની છે, જ્યારે દિગમ્બર મત પ્રમાણે તે ૩૫૭ છે. વળી કેટલાંક સૂત્રોના પાઠોમાં પણ ન્યૂનાધિકતા છે. હી. ર.

૨ સમ્પ્રદાય-ભેદ ક્યારે પડયો તે વિષય વિવાદગ્રસ્ત છે, એટલુંજ નહિ પરંતુ આ ગ્રન્થ ક્યારે રચાયો તેનો પણ હજી નિર્ણય થયો નથી. હી. ર.

વળી વૈમાનિક દેવોના સંબંધમાં લેશ્યાનો વિચાર કરતી વેળાએ પણ દિગમ્બરોની ઘટના દુર્ઘટ હોય એમ લાગે છે. આ ઉપરાંત નિર્ગ્રન્થ અને પરિગ્રહને લગતાં સૂત્રો તેમજ દ્રવ્ય-લિંગ અને ભાવ લિંગની વ્યાખ્યા ઇત્યાદિ હકીકત પણ સૂત્રકારનું મંતવ્ય શ્વેતામ્બરોને વિશેષ અનુકૂળ હોય એમ સૂચવે છે.

અંતમાં આ વિષયનો ઉપસંહાર કરતાં મેં ત્યાં સૂચવ્યું છે એમ અત્ર ફરીથી હું દિગમ્બર વિદ્વાનોને વિજ્ઞપ્તિ કરૂં છું કે ઉપર્યુક્ત યુક્તિઓમાં જો કંઈ સ્ખલના થતી હોય તો તે સૂચવશો તેમજ સૂત્રગવેષણપૂર્વકની દિગમ્બરાનુકૂલત્વ સિદ્ધ કરનારી કોઈ યુક્તિઓ આપના ધ્યાનમાં હોય તો તેનો પણ નિર્દેશ કરશો કે જેથી કરીને સત્યાસત્યનો નિર્ણય કરવામાં કોઇ જાતનો બાધ આવે નહિ.

આ ઉપરાંત હું તેમની પાસેથી એ પણ જાણવાની આશા રાખું છું કે આ ગ્રન્થનું ભાષ્ય સ્વોપજ્ઞ હોવાનું અર્થાત્ સૂત્રકાર અને ભાષ્યકાર એકજ છે, એવી શ્વેતામ્બરોની માન્યતામાં શું કંઈ દૂષણ છે કે જેથી દિગમ્બરો તે વાત સ્વીકારતા નથી?

આ ભાષ્યના સંબંધમાં એક સાક્ષર તો ત્યાં સુધી અભિપ્રાય આપે છે કે ભાષ્યની ભાષા સૂત્રાનુસારી તથા દિગમ્બર ટીકાઓ કરતાં પ્રાચીન છે. લેખનશૈલી પણ વૈદિક અને બૌદ્ધ દર્શનનાં પ્રાચીન ભાષ્યોના જેવી પુરાતન છે. એટલે તત્ત્વાર્થ ભાષ્ય દિગમ્બર ટીકા-ગ્રન્થો કરતાં પ્રાચીન છેજ. તેનું દ્રવ્યાનુયોગ વિષે એવું સ્થાન છે કે તેને બાદ કરીએ તો સંસ્કૃત જૈન સાહિત્યમાં પ્રાચીન સંક્ષિપ્ત, સર્વાંગપૂર્ણ અને સામ્પ્રદાયિક બીજો ગ્રન્થ છેજ નહિ.

શું ભાષ્યને સ્વોપજ્ઞ માનવાથી તેના અન્તમાં આપેલી પ્રશસ્તિ અને તેથી કરીને થતો ગ્રન્થકારનો સમય-નિર્ણય દિગમ્બરોને માનવો પડે તેટલા માટે તેઓ આનો ઇન્કાર કરે છે એમ પણ કેટલાક શ્વેતામ્બરો પુછે છે. વિશેષમાં **તત્વાર્થસૂત્રના** કર્તા વાચકવર્ય શ્રી **ઉમાસ્વાતિ**એ ૫૦૦ પ્રકરણો રચ્યાં છે તેમાં **પ્રશમરતિનો** પણ સમાવેશ થાય છે. આના સંબંધમાં એમ સાંભળવામાં આવ્યું છે કે આ ગ્રન્થમાં પ્રરૂપેલી કેટલીક હકીકતો તત્ત્વાર્થ-ભાષ્યની સાથે સંગત થતી નથી એમ દિગમ્બર વિદ્વાનોનું કહેવું છે તો શું આ સત્ય છે? અને એમ હોય તો તે યુક્તિપૂર્વક નિવેદન કરવા કોઇ વિદ્વાન્ કૃપા કરશે?

હવે એક બાબત તરફ હું ખાસ વિદ્વાનોનું ધ્યાન ખેંચવાની રજા લઉં છું. તે એ છે કે જૈન સાહિત્ય સંશોધક સમિતિ (અમદાવાદ) તરફથી પ્રસિદ્ધ થયેલા **જીતકલ્પસૂત્ર**ની સમ્પાદકીય પ્રસ્તાવનાના ૧૬ મા પૃષ્ઠમાં નીચે મુજબ ઉલ્લેખ છે:—

"શ્વેતાંબર સંપ્રદાયોના સર્વ આગમોમાં અને અન્ય ગ્રન્થોમાં આ જીતકલ્પ સૂત્ર પ્રમાણેજ ૧૦ પ્રકારનાં પ્રાયશ્ચિત્ત વર્ણવેલાં મળે છે. પણ તત્વાર્થસૂત્રના નવમા અધ્યાયમાં ૨૧-૨૨ સૂત્રમાં પ્રાયશ્ચિત્તના પ્રકાર ૯ ગણાવ્યા છે અને તેમાં, આ સૂત્રમાં વર્ણવેલાં મૂલ, અનવસ્થાપ્ય અને પારંચિક આ છેલ્લાં ત્રણનાં સ્થાને પરિહાર અને ઉપસ્થાપના નામનાં બે પ્રાયશ્ચિત્ત કહ્યાં છે. દિગંબર સંપ્રદાયના પ્રાયઃ સર્વત્ર તત્ત્વાર્થસૂત્ર પ્રમાણે ૯૪ પ્રાયશ્ચિત્ત મળી આવે છે. શ્વેતામ્બર સાહિત્યમાં એક તત્ત્વાર્થસૂત્ર સિવાય બીજે કયાંએ આ પ્રકાર દૃષ્ટિગોચર નથી થતો. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ જીતકલ્પસૂત્રની અંતે એમ પણ કહે છે કે તપ-અનવસ્થાપ્ય અને તપપારાંચિક આ બન્ને પ્રાયશ્ચિત્ત ભદ્રબાહુ સ્વામી પછી વ્યુચ્છેદ પામ્યાં છે. દિગમ્બર સાહિત્યમાં આ વિચાર કયાંએ નથી તેમજ તત્ત્વાર્થભાષ્યમાં પણ આ સંબંધે કાંઇ સૂચન નથી વિદ્વાન્ અભ્યાસિઓ તત્ત્વાર્થસૂત્રના કર્તૃત્વના પ્રશ્નનો ઊહાપોહ કરે ત્યારે આ વિષય પણ તેમાં વિચારવા જેવો છે, એ સૂચન કરવા સારૂં અહિં આ [3]નોંધ કરવી ઉચિત લાગી છે."

આ સંબંધમાં હું એટલુંજ નિવેદન કરીશ કે શ્રી **સિદ્ધસેન**ગણિ પોતાની ટીકામાં **"अनवस्थाप्य पारंचिक प्रतिपादनार्थमाह-उपस्थापनं पुनर्दीक्षणमित्यादि"** ઇત્યાદિ ઉલ્લેખ કરે છે. તેના જિજ્ઞાસુએ આ ટીકા જોવી એટલી મારી ભલામણ છે.

અન્તમાં હું એ નિવેદન કરવાની રજા લઉં છું કે તત્ત્વાર્થસૂત્ર, ભાષ્ય તેમજ પ્રશમરતિના સંબંધમાં જે વિશિષ્ટ હકીકતો તેના કર્તૃત્વનો નિર્ણય કરવામાં સહાયભૂત થાય તેમ હોય તે હકીકતો (ભલે પછી તે

૩ આ નોંધ તરફ શ્રીયુત **નાથુરામજી પ્રેમી**એ મારૂં લક્ષ્ય ખેંચ્યું હતું તેથી અત્ર તેનો ઉપકાર માનું છું

સૂત્રકારનું વલણ શ્વેતામ્બરોને અનુકૂળ કે પ્રતિકૂળ સિદ્ધ કરતી હોય) મને જો વિદ્વાનો લખી મોકલવા કૃપા કરશે, તો તેનો સાર હું તત્ત્વાર્થાધિગમસૂત્રના દ્વિતીય વિભાગની પ્રસ્તાવનામાં લેખકના નામસહિત આપીશ અને તેના સંબંધમાં યથામતિ મારા વિચારો પણ રજુ કરીશ. અથવા તો આ જૈનયુગના તંત્રી મહાશય પોતાના માસિકમાં આ હકીકતો પ્રસિદ્ધ કરવા હા પાડે તો તેમના ઉપર લખી મોકલવી.

આ સંબંધમાં એ સૂચન કરવું અસ્થાને નહિ ગણાય કે આ લેખ લખવાનો આશય સત્યાન્વેષણ સિવાય અન્ય કોઈ નથી તેથી બંને સંપ્રદાયોમાં વૈમનસ્ય ઉત્પન્ન કરે તેવા લેખો મારા ઉપર લખી મોકલવા કોઇ પ્રેરાશો નહિ. પરંતુ વસ્તુ–સ્થિતિને ઉદ્દેશીને લખાયેલી તમામ હકીકત ઉપર હું પૂર્ણ ધ્યાન આપીશ એમાં જરા પણ સંદેહ રાખશો નહિ.

પાઠક–મહોદય ! આપ પાસેથી મેં આ લેખ દ્વારા જે સામગ્રીની આશા રાખી છે તે હવે આપ ક્યારે મારા ઉપર મોકલાવી મને ઉપકૃત કરશો તેની રાહ જોતો હું વિરમું છું.

રૂમ. નં. ૪૩, નવી ચાલ
ભગતવાડી, ભૂલેશ્વર
મુંબાઇ. તા. ૧૪-૨-૨૭

**હીરાલાલ રસિકદાસ કાપડિયા.** એમ. એ.

[ શ્રી તત્ત્વાર્થસૂત્રના સંબંધમાં કેટલુંક વકતવ્ય તે સંબંધીના બે પુસ્તકોની સમાલોચના કરતાં ગત કાર્તિક અને માગશરના સંયુકત અંક નામે જૈન ઇતિહાસ સાહિત્ય ખાસ અંકમાં અમોએ કર્યું છે. તે બે પુસ્તકોમાંનું એક તે આ લેખના લખનાર રા. કાપડિયાએ સંશોધન કર્યું છે. આ લેખકે અનેક પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે, તેમાં કર્ત્તાનો, ટીકાકારોનો સમય ઉપરાંત મૂલકર્ત્તાના ચરિત્ર પરત્વે તેમજ તે શ્વેતામ્બર ને દિગંબર બેમાંથી કેના મંતવ્યને અનુસરેલ છે તે સંબંધેના પ્રશ્નો છે. જો દિગંબર અને શ્વેતાંબર એ બે સંપ્રદાયોનો ભેદ પડયા પહેલાં આ ગ્રંથની રચના હોય તોયે એ પણ જાણવાનું રહે છે કે તેમાંનાં કયાં સૂત્રો, આ બંને સંપ્રદાયોમાં એક બીજાથી જે ભિન્ન માન્યતા છે તેમાં કઇ માન્યતા સાથે સંબદ્ધ થાય છે તે વિચારવાનું રહે છે, અને તેમ કરતાં–મીમાંસા કરતાં કદાચ એ પણ મળી આવે કે અમુક સૂત્ર અમુકની માન્યતા સાથે અને અમુક સૂત્ર બીજાની માન્યતા સાથે સંબંધ ધરાવતું જણાય. આ પ્રશ્ન લેખકે ચર્ચો છે તો તેના જવાબ રૂપે યા તેની વિશેષ મીમાંસારૂપે અમારા તરફ જે કંઈ લેખ આવશે તે ખુશીથી પ્રકટ કરીશું, આવી ચર્ચામાં ભાગ લઇ શકે એવા શ્વેતામ્બરોમાં વિદ્વાનો શ્રી આનંદસાગર સૂરિજી, શ્રી જિનવિજયજી, શ્રી કલ્યાણવિજયજી, શ્રી બાલચંદ્ર યતિજી, પંડિત સુખલાલ, પંડિત બહેચરદાસ, રા. મોહનલાલ ઝવેરી આદિ છે અને દિગંબરોમાં વિદ્વાનો શ્રીયુત જુગલકિશોરજી મુખત્યાર, શ્રીયુત નથુરામ પ્રેમી, અને બીજા પંડિતો છે, તેમને દરેકને અમારી વિનંતિ છે કે આ લેખમાં ઉપસ્થિત ચર્ચા પર પ્રકાશ પાડનારા લેખ સપ્રમાણ મોકલાવી આપશે તો અમને આનંદ થશે અને શ્રીમદ્ મહાવીર ભગવાન્ પછીના લગભગ એક હજાર–પંદરસો વર્ષના ઇતિહાસમાં ખૂટતા મકોડા, આવી ચર્ચાઓથી મળી આવશે. મૂળ કર્ત્તા શ્રી ઉમાસ્વાતિજીના સંબંધમાં તેમજ ટીકાકારોના સંબંધમાં અને મૂળ ગ્રંથ, તે પર ટીકાઓ–અને તે સર્વ સાથે જૈનેતર ગ્રંથો નામે ઉપનિષદો, પાતંજલિ યોગ સૂત્ર, ગૃહ્યાદિ ધર્મ-સૂત્રો સાથે સંબંધ છે કે નહિ તે પરત્વે પણ ગવેષણાપૂર્વક લેખો આવશે તો તેને પણ અમે જરૂર સ્થાન આપીશું.

**તંત્રી.** ]

# શ્રી આનંદઘનજીકૃત પાર્શ્વ અને વીરસ્તવનો.

[ આ જૈનયુગના શ્રી મહાવીર નિર્વાણ અંક એટલે ગત ભાદ્રપદ અને આશ્વિનના ભેગા અંકમાં પૃ. ૬૬ ઉપર પ્રકટ થયા છે તેમનો અર્થ ગદ્યમાં મુનિ મહારાજશ્રી કર્પૂર વિજયજીએ કરી શેઠ કુંવરજી આણંદજી દ્વારા મોકલ્યો છે તે અત્ર પ્રકટ કરવામાં આવે છે. આના પર સવિસ્તર વિવેચન સુંદર રીતે કરી કોઈ મોકલશે તો વિશેષ આવકારદાયક થશે. તંત્રી. ]

## ૨૩ પાર્શ્વસ્તવ.

ભાવાર્થ—વાણીથી વર્ણવી ન શકાય એવા અનુપમ ગુણ વાસનાથી ભરપૂર **પાર્શ્વ** પ્રભુના ચરણ કમળને પ્રેમથી પ્રણમું છું. આપણું મન મધુકર (ભ્રમર)ની જેમ, પ્રભુના ગુણ મકરંદ (રસ)માં મગ્ન બની, અનાદિ દોષ મલીનતાને તજીને સ્ફટિક જેવું નિર્મળ બને છે. ૧

પ્રભુના પદ-પંકજની નિષ્કામ સેવાથી કશો મળ-દોષ લાગવાની દહેશત રહેતી નથી. તો ભય, દ્વેષ ને ખેદ (પરિણામની ચંચળતા, અરોચકતા, ને પ્રસ્તુત સત્ પ્રવૃત્તિમાં આલસ્ય કે કંટાળવા રૂપ) એ મનના દોષત્રય દૂર થાય છે. તથા મન વચન કાયાના શુદ્ધ સ્વાભાવિક યોગથી આત્માના ખરા સુખમાં વધારો થવા પામે છે. ૨

મનમાં રહી સહી સંકુચિતતા (ક્ષુદ્રતા) દૂર થાય છે. તથા શુદ્ધ ઉદાર મૈત્રી, મુદિતા, મધ્યસ્થતા ને કરૂણાભાવ ચિત્તમાં સદા બન્યો રહે છે. ૩

નિજ આત્મભાવમાં સ્થિરતા-રમણતા સહેજે થવા પામે છે, જેથી જડ વસ્તુ ઉપરની પ્રીતિ સહેજે તૂટે છે-વિરમે છે. ઔદયિક ભાવે પ્રાપ્ત સારા નરસા સંયોગમાં, સમભાવે રહેવાય છે તેથી હર્ષ શોકાદિક પરભાવના પ્રપંચથી કાયમ બચી શકાય છે. મોહની વિવિધ લાલચોમાં ફસી જવાતું નથી. ૪

એથી આત્માની સ્વાભાવિક દશા ચોક્કસ જાગે છે-પ્રગટ થાય છે અને ઉત્તમ અનુપમ શાન્તરસમાં મન ઝીલ્યા કરે છે. પર પૌદ્ગલિક ભાવમાં લગારે રાચતું નથી. કેવળ આત્મભાવમાં કાયમ રક્ત (મગ્ન) રહે છે. ૫

આત્મામાં આત્માની સકળ ગુણ-સંપદાનો એથી અનુભવ કરી શકાય છે. અને પરભાવમાં લગારે રાગ-રસથી પ્રવર્તવાનું બનતુંજ નથી. જેમ હંસ ક્ષીર નીરને સહેજે જૂદાં કરી ક્ષીરને ગ્રહણ કરે છે. તેમ સત્ય સ્વાનુભવ જાગૃત થયાથી, વિભાવને તજી પોતે સ્વભાવનેજ ગ્રહે છે. ૬

ખરા અનુભવના અભ્યાસથી વાધેલા શુદ્ધ અનુભવના યોગે આત્મા સર્વ સંકલ્પ વિકલ્પથી વિરામ પામી શુદ્ધ પરમાત્મ દશાનો આનંદ મેળવે છે. એવો શુદ્ધ સ્વાનુભવ જાગ્યા-જગાવ્યા વગર શુદ્ધ પરમાત્મ દશાનો ઉત્કૃષ્ટો આનંદ યથાર્થ ભાવે કદાપિ મેળવી શકાતો નથી એમ **આનંદઘનજી** વખાણે છે.

ઇતિશમ્

## ૨૪ વીરસ્તવ.

જગતના ત્રાણ શરણ આધાર રૂપ, સકળ સામાન્ય કેવળીઓના ઇશ્વર, પ્રાતિહાર્યાદિક પરમ વિભૂતિઓના સ્વામી શ્રી મહાવીર પ્રભુ જયવંત વર્તો. તે પ્રભુનું સ્વરૂપ અનુભવ મિત્રે યથાર્થ જાણી એકાન્ત હિતબુદ્ધિથી (પરમાર્થ દાવે) પ્રકાશ્યું છે. ૧

જે મન, વચન (વિચાર વાણી)ને અગોચર છે તે અતીંદ્રિય પ્રભુનું સ્વરૂપ અનુભવ મિત્રે આત્મીય બળથી જાણી પ્રકાશ્યું છે. ૨

નય નિક્ષેપા વડે ને પરોક્ષાદિક પ્રમાણ વડે જેનું શુદ્ધ સ્વરૂપ લખી શકાતું નથી, તે પરમાત્મતા કેવળ અનુભવ સૂર્યના ઝળહળાટ ભર્યા અપાર ને અબાધિત પ્રકાશ વડે સંપૂર્ણ લખી શકાય છે. ૩

એવા અલખ, અગોચર ને અનુપમ પરમાત્માનું સ્વરૂપ, આત્માની સ્વાભાવિક વિશુદ્ધિ થતાં અનુભવમાં આવી શકે છે. તે વગર કોઇ તેનો ભેદ-પરમાર્થ સમજાવી શકતો નથી તેમજ સઘળાં શાસ્ત્રો પણ સંતોષ આપી શકતાં નથી. ૪

સઘળાં શાસ્ત્રો માત્ર દિશા-માર્ગ દેખાડી વિરમે છે. આત્માની અગમ વાતને પ્રકાશતાં નથી. સકળ-દોષવર્જિત હોવાથી સુપ્રસિદ્ધ એવો અનુભવ-મિત્ર

જ કાર્યસાધક બને છે, અલખ, અગોચર ને અનુપમ એવા આત્માને સંપૂર્ણ ઓળખાવે છે. ૫

અહો! એ અનુભવ મિત્રની કેવી ચતુરાઇ? (ચકોરતા–કુશળતા), તેનો કેવો એકનિષ્ઠ (અટળ) પ્રેમ? કે પોતે અંતર્યામી આત્મા સમીપેજ ખરા મિત્રરૂપે રહીને (રમણ કરતો) નિજ કાર્ય સાધક બને છે. ૬

**આનંદઘનજી** મહારાજ કહે છે કે એવા અનુભવ–મિત્રના સંગથી સહજાનંદ પ્રગટતાંજ પરમાત્મા પ્રભુનો ભેટો થયો ને સઘળાં કાજ સફળ થયાં એટલે આત્માની નિજ સંપદાનો સાક્ષાત્ અનુભવ થયો. અથવા પૂર્વોક્ત રીત્યે અનુભવ યોગે ઉલ્લસિત ભાવે પ્રભુ સ્વરૂપને પામી કૃત કૃત્ય થઇ, જે આત્મસંપદાને સાક્ષાત્ વરે છે તે આનંદઘન બને છે. ઇતિશમ્

---

[ શંકા—સંઘવી ચુનીલાલજી ગોપીલાલ મેવાડી બજાર કપડાની દુકાન–બીઆવરથી એક પત્ર લખી શંકા કરે છે કે "આ શ્રીવીર સ્તવનમાં ત્રીજી ટૂંકમાં જણાવ્યું છે કે:—

'નય નિક્ષેપેરે જેહ ન જાણીયે, નવિ જિહાં પ્રસરે પ્રમાણ,
શુદ્ધ સ્વરૂપેરે તેહ બ્રહ્મ દાખવે, કેવલ અનુભવ ભાન.'

આમાં 'નય નિક્ષેપે જેહ ન જાણીયે નવી જિહાં પ્રસરે પ્રમાણ' એમ જે કહ્યું છે તેનું વિસ્તારથી વિવેચન થવું જોઇએ છે, કારણ કે શ્રી તત્ત્વાર્થસૂત્ર પ્રથમ અધ્યાયના સૂત્ર છઠ્ઠામાં કહ્યું છે કે પદાર્થ જાણવાના કારણોમાં **'प्रमाणनयैरधिगमः'** એ સૂત્ર તો પદાર્થ જાણવાને વાસ્તે પ્રમાણ નયની પુષ્ટી કરે છે. અને શ્રી વીરસ્તવનમાં તથા સમયસારાદિમાં પણ આવો ભાવ છે તો અમે અલ્પજ્ઞનું સમાધાન થવા યોગ્ય છે કે તત્ત્વાર્થમાં નય પ્રમાણાદિની આવશ્યકતા પ્રતિપાદકતા કરી છે ને આ મહાવીર સ્તવનમાં પ્રમાણ નયથી પદાર્થ જાણવામાં અનાવશ્યકતા બતાવવામાં આવી છે–એ બંને વિરોધાભાસ લાગે છે"

આનું સમાધાન મુનિશ્રી કર્પૂરવિજયાદિ મુનિઓ યા શ્રાવકોમાંથી કોઇ વિસ્તારથી કરશે તો અમે જરૂર પ્રકટ કરીશું. ટુંકમાં અમે જે સમાધાન કરી શકીએ તે એ છે કે અહીં પરમાત્માની વાત છે. બ્રહ્મ–પરમાત્માનું સ્વરૂપ અલખ, અગોચર છે, ત્યાં નય નિક્ષેપ કે પ્રમાણ દ્વારા બુદ્ધિ પહોંચી શકતી નથી. અનુભવજ તેનું સ્વરૂપ લઇ શકે અને તે એવી રીતે કે તેનું વર્ણન પણ પૂર્ણ ન થઇ શકે. વાણી તે સમજાવવા અપૂર્ણ સાધનજ નિવડે છે.

"આત્માનું સ્વરૂપ સામાન્ય રીતે કહેવામાં આવે છે તે લક્ષમાં લેવા યોગ્ય છે. જીવવિચારાદિમાં તે જણાવવામાં આવ્યું છે. કેટલાક વિદ્વાનો આત્માનું સ્વરૂપ અનિર્વચનીય અર્થાત્ વચનોથી કહી ન શકાય તેવું જણાવે છે તે પણ સત્ય છે કારણકે શબ્દોદ્વારા પરિમિત ભાવજ પ્રકટ કરી શકાય છે. જો જીવનું વાસ્તવિક સ્વરૂપ પૂર્ણતાથી જાણવું હોય તો તે અપરિમિત હોવાને કારણે શબ્દોદ્વારા કોઇ રીતે તે બતાવી શકાતું નથી. આ માટે આ અપેક્ષાથી જીવનું સ્વરૂપ અનિર્વચનીય છે. કહ્યું છે કે:—

**यतो वाचो निवर्तन्ते, न यत्र मनसो गतिः।**
**शुद्धानुभवसंवेद्यं तद्रूपं परमात्मनः॥**

—શ્રીયશોવિજયકૃત પરમજ્યોતિઃ પંચવિંશાતિકા ૨–૪

—જ્યાં વાણી પાછી ફરે છે, જ્યાં મનની ગતિ પહોંચતી નથી અને જે શુદ્ધ અનુભવથીજ જાણી શકાય તેવું છે એવું પરમાત્માનું સ્વરૂપ છે.

આ વાતને અન્ય દર્શનોમાં 'નિર્વિકલ્પ' શબ્દથી અને 'નેતિ નેતિ' શબ્દથી જણાવેલ છે: જુઓ ઉક્ત શ્રી યશોવિજયજીકૃત પરમજ્યોતિ પંચવિંશાતિના નીચેના શ્લોકો.

**निरालम्बं निराकारं, निर्विकल्पं निरामयं**
**आत्मनः परमं ज्योति–निरुपाधि निरंजनं॥१–३**
